માલીદન્ to rub મસળવું. આસ્તુર્દન to spread—અસ્તર.

ખારતન્ to desire—ખાહેશ. રિખ્તન્ to pour—મુનરેજ, રંગરેજ.
પુશીદન્ to wear—પોશાક, પોશાકી.
ગંજીદન્ to contain—ગંજી, ગંજીફો, ગંજ, ગુંજાશ.
ગુમાસ્તન્ to send—ગુમાસ્તો. દુખ્તન્ to sew—દરજી, જરદોજ.
ગીરફતન્ to hold-જગીર, દીલગીર. નમુદન્ to show-નમુનો, ખુશનુમા.

(c) ARABIC.

નજર to see—નાજર, મંજુર, મંજુરી. ઘફલ to neglect—ગાફેલ.
અરાદ to wish—આરાદ, મારૂફ. જમન to answer—જમીન.
લયક to befit—લાયક, લાયકી, લાયકાત. [મુકરર.
અલમ to teach, to guide—તાલીમ. કરર to establish, to fix—
અરફ to praise—તારીફ. જજ્જ to see, to find out—તજવીજ.
સફર to go—સફર, મુસાફર, મુસાફરી. બદલ to exchange—મોબદલો.
લકય to meet—મુલાકાત. નસફ to give justice—મુનસફ, ઈનસાફ.
નશઅ to write—મુનશી. નજબ to appoint—મુનીમ.
રવદ to wish—મુરાદ, ઈરાદો.
સદય to keep account—મુત્સદી (accountant).
લશય to find out—તલાશ. ફવત to change—તફાવત.
મશય to show—તમાશો. ખયર to choose—મુખત્યાર, અખત્યાર.

251. Besides this process of forming words by the addition of prefixes (ઉપસર્ગ) and suffixes (પ્રત્યય) to the derivatives (સિદ્ધશબ્દ), there are *two* other methods, by which innumerable new formations are introduced in the language. They are:—

(a) Reduplication or doubling of a simple word: as, દાહ્યો ડુબી, ચોપડી ઓપડી, ફડફડાટ.

(b) Combination of two or more words, *i. e.*, formation of *Compounds*: as, માતાપિતા, રાજમહેલ, પરલોક.

THE REDUPLICATED WORDS (દ્વિરૂક્ત શબ્દ).

252. Simple words are *merely repeated* with various shades of meanings, which are clear enough from the context: as,

પગલેપગલે રસ્તો કાપતો, ખાંચેખાંચે નિઃશ્વાસ મૂકતો, બારીએ બારીએ દૃષ્ટિ નાંખતો તે આગળ ચાલ્યો.

આજે કોણ કોણ આવનાર છે તે હું જાણતો નથી.

એને કંઈ આવડતું નથીઃ કાળા કાળા મંકોડા ને રાતી રાતી ધીમેલ.

તેની તરવાર તેની બાજુએ લટકલટક લટકી રહી હતી.

હું તેને પકડું પકડું એટલામાં તો તે પાછો નાઠો.

તે રસ્તે વાંચતો વાંચતો અથવા ગોખતો ગોખતો જાય છે.

253. Sometimes a simple word is reduplicated with *a little modification*, the usual way being to insert બ instead of the initial letter keeping the original vowel: as,

મ્હારી પાસે કાગળ બાગળ નથી. પેન્સિલ બેન્સિલ છે કે?

કોઈ પુસ્તક બુસ્તકમાં વાંચ્યું હશે. કોટ બોટ પહેરવો છે કે નહીં?

254. Sometimes two words are placed together, the latter of which is added generally *by way of alliteration*: as,

ખરચખુટણ, ખરચીપાણી, ગરીબગુરબાં, ચોરીમેરી, ફાણોફુણી, બચ્ચાંકચ્ચાં, ફકીરફકરું, રડારોળ, રીતભાત, વાતચિત, આસનાવાચના, અડધું પડધું,

અસમાનીસુલતાની, આંફલફાંફલ, આડુંઅવળું, પાંકુંસૂકું, આડુંતેડું, આરોશીપાડોશી, આમણુસામણુ, આરણુકારણ, ઓસડવેસડ, રહ્યુંસહ્યું, લૂટફાટ, ચાલચલગત, નહીંબુઝને, રડ્યુંખડ્યું, ઉથલપાથલ, ઉલટપાલટ.

255. Sometimes words are formed in imitation of various sounds, real or imaginary. These are what are called અનુકરણવાચક શબ્દ *(onomatopoetic words)*. For example,

કચકચ, કચકચાટ, કટકટ, કટકટાટ, કડાકડ, ખખડાટ, ખડખડ, ખણખણાટ, ખદખદ, ખળખળ, ખદુકખદુક, ગગડાટ, ગડગડાટ, ગણગણાટ, ગણગણવું, ગડગડવું, ધમધમ, ચમચમ, ચુંચું, ચટાચટ, છમછમ, છણછણાટ, ઝણઝણાટ, ટકટક, તડતડ, તડાતડ, તડતડાટ, ધડાધડ, ધબાધબ, ફડાફડ, ઢુમઢુમ, ખચખચ, ભગભગ, ભટભટાટ, ભચડભચડ, સડાસડ, ચપચપ (ચૂએ) ને ટપટપ (ટપકે) કૂકરેકૂક, બેંબેં.

> કેવા આવે છરરરરર આ મેઘ ઉતાવળે રે,
> કેવા વાએ સરરરરર આ વાયુ મોટા બળેરે.
> કુહુકુહુ કરે છે પીક કોયેલ રૂડી,
> ઘુઘુઘુઘુ બૂગે ને કપોતો ઘુઘૂઉ.

COMPOUNDS (સમાસ).

256. Those words, which are formed by the combination of two or more distinct words, are called *composite* or *Compound Words* (સામાસિક સાધિતશબ્દ): as, નાટકશાળા, રાજનગર, ગંગાજળ.

257. The process of combination is called સમાસ-*composition*: while the process of *dissolution* or decomposition is called વિગ્રહ.

The સામાસિકશબ્દ in Gujarati are generally words of Sanskrit origin, though, not unfrequently we meet with compounds, the combining elements of which are taken purely from Gujarati: e. g., કાળુંઘોળું, ખરૂંખોટું, ભાઈબેન.

258. The Compounds in Gujarati are of *seven* kinds:—

1. દ્વંદ્વ—*Copulative.*
2. તત્પુરૂષ—*Determinative.*
3. કર્મધારય—*Appositional.*
4. દ્વિગુ—*Numeral Appositional.*
5. મધ્યમપદલોપી—*Elisional.*
6. અવ્યયીભાવ—*Adverbial.*
7. બહુવ્રીહિ—*Attributive.*

1. દ્વંદ્વસમાસ.

259. દ્વંદ્વસમાસ— *Copulative Compound*—is the combination of two or more words in co-ordinate relation, the connective particle ને-અને-તથા-અથવા-કે being omitted. The components may be either nouns, or adjectives, or verbs: as,

(*a*) સીતારામ, રામલક્ષ્મણ, માબાપ, બાપદીકરો.
(*b*) નાનામોટા, ખરૂંખોટું, સારૂંનરસું, આડેદશ.
(*c*) ઉઠબેસ, આવજા, બોલચાલ, કહાડઘાલ.

260. In this compound, the components are all in the same case, but the case-termination is added only to the last member: as, માબાપથી, માબાપનું, માબાપમાં.

261. The reduplicated words (*Vide* Art. 254) may also be considered compounds of this class: as, દાણોદુણી, પાણીઠાણી, ઘરબાર, પુસ્તકપુસ્તક.

Strictly speaking, no change can be allowed in the first word of the compound, still in Gujarati, final ઓ and ઉં are changed to આ (and આં), and the instr. and loc. suffix એ is also added: as, ભાડુઆતોકરીને, હાથેપગે, કાનેકોટે, છેપાંછોકરાં.

2. તત્પુરુષસમાસ.

262. A તત્પુરુષ (*determinative*) compound consists of two members, the *first* of which determines or qualifies the sense of the *second*. Thus the *second* member is *principal*, the first being either an adjective, a noun, or a noun used as an adjective.

263. The relation between the two members is generally expressed by a case-ending, which is dropped in the process of combination. This variety is called **વિભક્તિ તત્પુરુષ**, and there are *six* kinds of it according as, in dissolution, the first member stands in one or other of the six cases from the Accusative to the Locative:—

(*a*) દ્વિતીયા તત્પુરુષ—કળાધર, કુંભાર, દિનકર, ભયંકર, સુખદ.
(*b*) તૃતીયા તત્પુરુષ—શોકાતુર, મદાંધ, દયારામકૃત, દૈવદત્ત, વાઘલુબ્ધ.
(*c*) ચતુર્થી તત્પુરુષ—રાજકુમારશાળા, ધર્મશાળા, યજ્ઞસ્તંભ, ચરણોદક.
(*d*) પંચમી તત્પુરુષ—જાતીભ્રષ્ટ, સ્વર્ગપતન, ગર્ભયોગી, સ્થાનભ્રષ્ટ.

(e) ષષ્ઠી તત્પુરૂષ—પ્રજાપતિ, રાજપુત્ર, કૃષ્ણલીલા, રત્નાકર, વિદ્યાભ્યાસ.
(f) સપ્તમી તત્પુરૂષ—સ્વર્ગવાસ, આકાશગંગા, ખેચર, યુધિષ્ઠિર.

In several cases, the case-suffix is not dropped, and then the compound is called અલુક્ તત્પુરૂષ: as, ભયંકર, વિશ્વંભર, ખેચર, મનસિજ, યુધિષ્ઠિર, કર્તરિપ્રયોગ, કર્મણિપ્રયોગ, ભાવેપ્રયોગ. Of course, in these cases, the case-suffixes retained are purely Sanskrit, and not Gujarati.

The *negative* compounds with prefixes અ, ન, અન્, અણ, also belong to this class, and are called નઞ્તત્પુરૂષ: as, અનંત, અવિચાર, નપુંસક, અણગમતાવ.

3. કર્મધારયસમાસ.

264. કર્મધારયસમાસ—*Appositional Compound*—is a variety of તત્પુરૂષ, the first member here being an adjective or a noun used as an adjective. Thus the relation between two members is that of વિશેષણ and વિશેષ્ય: as, મોહવારૂણી (=મોહરૂપી વારૂણી), પાણિપંકજ (=પંકજના જેવા પાણિ), મુખચંદ્ર, સદ્ગતી, પીતાંબર, ચંદ્રવદન, ગોરમટી (ગૌરમૃત્તિકા).

When the first member is a noun, the connective words like જેવું, રૂપી are inserted: as, દેવરૂપ = દેવના જેવું રૂપ.

The compound is very useful in making comparisons: when the standard of comparison (ઉપમાન) is placed first, as is usual, it is called ઉપમાન પૂર્વપદ: as, ચંદ્રવદન (moon-like face), દેવરૂપ (god-like beauty), મોહવારૂણી (infatuation-like wine): when the ઉપમાન is placed afterwards, it is called ઉપમાનોત્તરપદ: as, પાણિપંકજ (hands lotus-like), મુખચંદ્ર (face moon-like). Also પુરૂષોત્તમ (man excellent).

4. દ્વિગુસમાસ.

265. દ્વિગુસમાસ—*Numeral Compound*—is again a sub-variety of કર્મધારય. In this, the first member is a *numeral* adjective: as, ત્રિકાળ, ત્રિલોક, ત્રિભુવન, ચતુર્માસ, પંચશેરી, પંચતત્ત્વ, ષટ્કર્મ, ચોપાસ, અઠવાડિયું, નવખંડ.

5. મધ્યમપદલોપી સમાસ.

266. The *Elisional* compound is also a sub-variety of કર્મધારય. In this compound, the relation between the two members can be expressed only by introducing some word or words in the process of dissolution: as, ગોળધાણા (ગોળસાથે મેળવેલા ધાણા), દહીંવડાં (દહીંમાં આથેલાં વડાં), દલપત કાવ્ય (દલપતરામનું બનાવેલું કાવ્ય), મધમાખી (મધ બનાવનારી માખી), શાકરભાત, આગગાડી, વરાળયંત્ર, ગોળકેરી.

6. અવ્યયીભાવ સમાસ.

267. The અવ્યયીભાવ compound is also a mere sub-variety of કર્મધારય, the first member here being an *adverb*: the whole compound has the force of an adverb: as, યથાશક્તિ, પ્રતિવર્ષ, દરમાસ, અનુરૂપ, પ્રતિક્ષણ, સમક્ષ.

7. બહુવ્રીહિ સમાસ.

268. બહુવ્રીહિ સમાસ—*Attributive Compound*—is that in which both the members are *subordinate*, and the whole compound refers to some *third* object with an

adjectival force: as, ગજાનન (not ગજનું આનન, but ગજના જેવું આનન છે જેનું, *i. e.*, ગણપતિ), ખડ્ગપાણિ (ખડ્ગ છે જેના પાણિમાં), દિગમ્બર (દિક્ છે અમ્બર જેનું), જીતકામ (જીત્યો છે કામને જેણે), પદ ભ્રષ્ટ (પદથી ભ્રષ્ટ થયો છે જે), હૃતરાજ્ય (હરી લીધું છે રાજ્ય જેનું, or જેની પાસેથી), કમલલોચના, ચંદ્રમુખી, મૃગલોચની, સારંગપાણી, એકલપેટો, ત્ર્યંબક, દશાનન, દશગ્રીવ.

The following *two* varieties of this compound are worth noticing:—

(a) સમાનાધિકરણબહુવ્રીહિ, in which, the two members, in dissolution, stand in the *same* case: as, ચતુર્ભુજ (ચાર *nom.* છે હાથ *nom.* જેના), પીતાંબર (પીત *nom.* છે અમ્બર *nom.* જેનું).

(b) વ્યધિકરણ બહુવ્રીહિ, in which, the two members, in dissolution, stand in *different* cases: as, શસ્ત્રપાણિ (શસ્ત્ર *nom.* છે હાથમાં *loc.* જેના), દેવજન્મા (દેવથી *abl.* જન્મ *nom.* છે જેનો).

269. The compounds with સહ and સમાન (usually replaced by સ) belong to this class: as, સકોપ, સોદર, સહોદર, સવર્ણ, સવિસ્મય, સહાય, સહાધ્યાયી.

A compound may be formed by combining together several compounds: as, સકળગુણ સંપન્ન (સકળ+ગુણથી+સંપન્ન), સ્વદેશહિતેચ્છુ (સ્વ+દેશનું+હિત+ઇચ્છનાર).

DIMINUTIVES.

270. Diminutives are formed, in Gujarati, in the following *three* ways:—

(*a*) By changing the final ઓ to ઈ: as, અંગરખો—અંગરખી, ટગલો—ટગલી, ઓટલો—ઓટલી, કોથળો—કોથળી, જોડો—જોડી, ઢગલો—

ઢગલી, દેગડો—દેગડી, પરાણો—પરાણી, પેણો—પેણી, મૂંઢો—મૂંઢી, લોટો—લોટી, વાડકો—વાડકી, સીસો—સીસી, આરસો—આરસી, કનકવો—કનકવી (કુગ્ગી), સેંપો—સેંપી.

(*b*) By changing the final ઉં to ઈ: as, પતેસું—પતેસી, લાકડું—લાકડી, પાપડું—પાપડી.

(*c*) By adding the suffix ડી (or ડું): as, ઘંટ—ઘંટડી (ઘંટી), ચોક—ચોકડી, તળાવ—તળાવડી, પલંગ—પલંગડી, ગામ—ગામડું.

271. The following irregular forms may be noticed:

કુતરું—કુરકુરીઉં, ખરપો—તવેથો (તો), ટોલ—ટોઇ, પોતીઉં or પોતીઉં—પોતડી or પંચીઉં, નદી—નાળું, પર્વત—ટેકરી, બારણું—બારી, ઘડો—ઘડુલી or ઘાડવો.

272. Besides these, several suffixes are used to denote either affection, tenderness, or contempt: as,

સાહેલી—સાહેલડી, હૈયું - હૈડું, બાઈ—બાયડી, ચાંલ્લો—ચાંદલિયો, બ્રાહ્મણ—બામણો, હજામ—હજામટો, સોની—સોનકો.

AUGMENTATIVES.

273. Augmentatives are formed in Gujarati by putting a synonymous word (or a new word) along with an *adjective*: as,

કાળુંમેશ, ધોળુંફગ, ઉજળુંફટક. લીલુંકુંજાર, ઠંડુગાર, લાલચોળ, કોરું કડકડતું, કઠણલાકડું, ખાટુંડોંચ, કડવુંઝેર, નાગુંશાખ, રાતુંબીંબ, નવુંનકકોર, ફીકુંફચ, તીખુંતીખું આગ.

CHAPTER VII.

SYNTAX—વાક્યવિન્યાસ.

274. *Syntax* deals with the proper *arrangement* of words in a sentence. The principal heads under which *syntax* is generally treated are—

(a) અનુક્રમ or *Order*,

(b) અન્વય or *Concord*,

(c) અધિકાર or *Government*.

But the rules on Syntax are "rendered more simple and intelligible" by what is called the વાક્ય પૃથક્કરણ or *Analysis of Sentences.* We shall, therefore treat first of Analysis, and then of the three head of syntax proper.

ANALYSIS OF SENTENCES

(વાક્ય પ્રથક્કરણ).

275. વાક્ય પ્રથક્કરણ is the process of breaking up a વાક્ય into its several parts, and showing the relation of these parts to one another.

276. વાક્ય is the expression of a *complete* thought in words.

A વાક્ય is thus distinguished from an ઉપવાક્ય. A વાક્ય is such an arrangement of words as expresses a complete thought: [illegible] રાજાએ મને એક ઘોડો આપ્યો. An ઉપવાક્ય is a *subordinate* or

dependent clause, forming a portion of the sentence, but not, by itself, conveying a complete thought: as in the sentence, શિયાળાની રતમાં ટાઢ પડે છે ત્યારે ખેતરમાં ઘઉં પાકે છે, શિયાળાની રતમાં ટાઢ પડે છે ત્યારે is an ઉપવાક્ય. While a શબ્દસમૂહ (*phrase*) modifies some part of a sentence, but does not contain a finite verb: as in the above વાક્ય, શિયાળાની રતમાં is a શબ્દસમૂહ. Thus, એક વેળા એવું બન્યું કે પેલાઝાડ તળે એક જણે જાળ નાંખી હતી is a વાક્ય, એકવેળા એવું બન્યું કે is an ઉપવાક્ય (or વાક્યાંશ), and એકવેળા and પેલા ઝાડ તળે are શબ્દસમૂહ.

A વાક્ય may be—

(1) નિશ્ચયાર્થ—*Assertive* or *Declarative*: as,

બે ઘરનો પરોણો ભૂખે મરે.

(2) નિષેધાર્થ—*Negative*: as, લખ્યા લેખ મટે નહીં.

(3) પ્રશ્નાર્થ—*Interrogative*: as, પણ આપ શું કરો ?

(4) આજ્ઞાર્થ—*Imperative*: as, ચંદ્રકાંત, ભાઈને બતાવ.

(5) સંશયાર્થ—*Dubitative*: as, ત્હારો ભાઈ બાગમાં તો ન હોય !

(6) ઉદ્ગારાર્થ—*Exclamatory*: as, કેવો વિપરીત ફેરફાર!

(7) સંકેતાર્થ—*Conditional*: as, જો વરસાદ પડે તો સુખ થાય.

277. Sentences are of *three* kinds:—

(*a*) સાદું વાક્ય—*Simple* Sentence.

(*b*) સંયુક્ત વાક્ય—*Complex* Sentence.

(*c*) સાન્વય વાક્ય—*Compound* Sentence.

278. Every sentence consists of *two* parts:—

(*a*) કર્તૃપક્ષ or the *Subject*—that about which we are speaking, and

(b) ક્રિયાપક્ષ (or વિધાન પક્ષ) or the *Predicate*—that which we say about the subject.

SIMPLE SENTENCE (સાદું વાક્ય).

279. સાદું વાક્ય contains only *one* subject and predicate: as, સૂરજ આપણે રોજ જોઇએ છીએ.

A વાક્ય which contains more than one subject or predicate is either સંયુક્ત or સાન્વયઃ as,

સૂરજ રહવારે ઉગે છે ને સાંઝે આથમે છે—સાન્વય વાક્ય.

સૂરજ રહવારે ઉગે છે ત્યારે લાલાશપર દેખાય છે—સંયુક્ત વાક્ય.

કર્તૃપક્ષ (*SUBJECT*)

280. કર્તૃપક્ષ consists of કર્તા or કર્તૃપદ and the કર્તા વિવર્ધક or the *attributive adjuncts* called also the *enlargement* of the subject: for example, in ત્યાં એક વિશાળ મનોહર બાગ હતો, બાગ is કર્તા (કર્તૃપદ), એક, વિશાળ and મનોહર are કર્તા વિવર્ધક, and એક વિશાળ મનોહર બાગ is કર્તૃપક્ષ.

The *subject* accordingly may be either:—

(a) સાદો કર્તા—*Simple* Subject, or

(b) પૂર્ણ or વિવર્ધિત કર્તા—*Enlarged* Subject.

281. A subject *without* any attributive adjuncts is called સાદોકર્તા. It may be—

(a) નામ—બાળક બહુ હસે છે.

(b) સર્વનામ—આપણે વારંવાર ભૂલ કરીએ છીએ.

(*c*) વિશેષણ—**પુણ્યવાન** સુખી થાયછે
(*d*) કૃદંતનામ—**કહેવું** સહેલ છે.
(*e*) શબ્દ સમૂહ—**સત્ય શોધક બનવું** (એ) સહેલ નથી.
(*f*) ઉપવાક્ય (clause)—ન ઘટે ન ઘટે પ્રિય પ્રાણપતિ,
હરવી વિષયાર્થ પવિત્ર સતી.

282. When attributive adjuncts are added to the કર્ત્તા to add to its meaning, the કર્ત્તા is said to be વિવર્ધિત or *enlarged*. The enlargement of the subject is called **કર્ત્તા વિવર્ધક.**

The subject is enlarged by—

(*a*) વિશેષણ—**ઉદ્યમી** અને **પ્રમાણિક** માણસ આખરે તરેછે.

(*b*) વિશેષણિકશબ્દસમૂહ—**સરદારો અને નાયકોમાંના** ઘણાખરા રણમાં પડ્યા.

(*c*) છઠ્ઠી વિભક્તિનું નામ-સર્વનામ-શબ્દસમૂહ—
આજકાલના જુવાનીઆ અનુભવને હસી કહાડે છે.
તમારો ભાઇ હોશીયાર છે. **એને સંતાવાનું** ઠેકાણું નથી.
ગુજરાતના રાજાના શૂરવીરપણાનું વૃત્તાંત ચાલતું હતું.

(*d*) સમાનાર્થ નામ—શબ્દસમૂહ—
ઈ. સ. ૧૫૩૦ માં **બાબરનો પુત્ર** હુમાયું માદો પડ્યો.
સત્ય આખરે જય પામે છે એ વાત ખરી છે.

(*e*) કૃદંત વિશેષણ—**હસતું** બાળક સૌને ગમેછે.

(*f*) વિશેષણિક વાક્ય—**જે માણસ કાલે તમને મળવા આવ્યો હતો** તે આ રહ્યો.

(*g*) ઊપસી બે અથવા વધારે રીતિ—એવી ગુર્જરી નીહાળતો કાકુનામે વલ્લભીનગરનો કોઈ ધનાઢ્ય વેપારી રાજ્યમંદિરની વાટ પૂછતો હતો.

ક્રિયાપક્ષ (*PREDICATE*)

283. ક્રિયાપક્ષ is what we say about the કર્તૃપક્ષ. It includes the *whole* of what is stated about the subject. It may either be a *finite verb*, or it must *contain one*: as,

(*a*) ઘોડો હણહણેછે, વરસાદ વરસે છે, ચોર નાસી ગયો.

(*b*) વાત ખોટીપડી, પેલો છોકરો હોશિયાર છે.

In (*a*) the predicate consists of simple verbs, while in (*b*) it contains a finite verb with some other word or words.

When the ક્રિયાપક્ષ *does not consist only of a finite* verb, it may take—

(i) ક્રિયાપૂર્ણિ—*complement* of the verb.

(ii) કર્મ—*object* or *completion* of the verb.

(i) ક્રિયાપૂર્ણિ (*Complement to a verb*).

284. Some intransitive verbs do not, by themselves, express the sense completely: as,

વાત (ખોટી) પડી, તે છોકરો (હોશિયાર) નીવડશે.

Such verbs as હો, થા, બન, ઠર, નીવડ &c., that do not express by themselves the sense completely, are

verbs of *incomplete predication*, and the word or words used with such verbs to complete the sense of the predicate, constitute the ક્રિયાપૂર્ણિ or *complement* of the verb. (Vide Art. 94)

(ii) કર્મ (*Object*).

285. All transitive verbs are in one sense verbs of incomplete predication in as much as they invariably require કર્મ or *object* to complete the sense. The words used with a transitive verb to complete the sense of the predicate is called કર્મ or *object* (or the *completion of the predicate*): as, પક્ષીએ કુળ કરડયું, તે પાઠ વાંચે છે.

The કર્મ or *object* may be represented by all those parts of speech which are used in representing the કર્તા or *subject*; and it is enlarged in as many ways as are used in enlarging the કર્તા. The enlargement of the કર્મ is called કર્મવિવર્ધક.

Some transitive verbs, called દ્વિકર્મકક્રિયાપદ take *two* objects—the ઉપસ્થકર્મ and the અનુપસ્થકર્મ. (Vide Art 95). The ઉપસ્થ or the *direct* object stands in the *accusative* case, while the અનુપસ્થ or *indirect* or *personal* object stands in the *dative* case : as,

મ્હાત્માએ બપોરે કાગળો રાણાને આપ્યા.

Extension of the Predicate (વિધેયવૃદ્ધિ).

28C. Besides the ક્રિયાપૂર્ણ and the કર્મ, the action expressed by the verb may be expressed or modified by an *adverb* or some word or words having an adverbial force. These generally show *time, place, manner, extent*, &c. The predicate is then said to be *extended*, and the adverbs or adverbial phrases are called ક્રિયાવૃદ્ધિ or *extensions of the predicate.*

The ક્રિયાવૃદ્ધિ may be—

(*a*) ક્રિયાવિશેષણ—બારણાં ફડાફડ અફળાયાં.

(*b*) ક્રિયાવિશેષણિક શબ્દસમૂહ—તે **વિનાકારણ** ખીજવાયો.

(*c*) ત્રીજી, પાંચમી, સાતમી વિભક્તિનાં નામો અથવા નામયોગી સહિત નામો—તે ક્રમોત્તે મુઓ. માણસ **વિદ્યાથી** વખણાયછે. વાંદરો **ઝાડપર** ચડી ગયો.

(*d*) પ્રથમા વિભક્તિનાં નામો (કાળ, સ્થળ, માપ દર્શક)—ડોશીએ **આખી રાત** દળ્યું. આજે અમે દશ **ગાઉ** ચાલ્યા.

(*e*) કૃદંત (used adverbially)—રાણો **અઢેલીને** બેઠો. હાથી **ડોલતો ડોલતો** હીડેછે.

(*f*) કૃદંત નામ (નિમિત્તાર્થ—gerundial infinitive)— હમે મિનારો **જોવાને** નીકળ્યા. તેણે સમે યુધિષ્ઠિર બેઠા **તળાંસવાને** ચર્ણ

(*g*) કેવળ પ્રયોગી પ્રથમા—આગની **ભૂમપડતાં** દોડાદોડ થઈ રહી.

We have thus seen that every વાક્ય consists of *two* parts—the **કર્તૃ પક્ષ** and the **ક્રિયાપક્ષ.** The former must have a **કર્તા**, the latter must have a **ક્રિયાપદ.** Thus the **કર્તા** or *agent* and the **ક્રિયાપદ** are the essential parts of every sentence; while the complementary parts or those of secondary importance in the construction of a sentence are—

(1) કર્ત્તા વિવર્ધક, (2) કર્મ, (3) કર્મ વિવર્ધક,
(4) ક્રિયા પૂર્ણ, and (5) ક્રિયા વૃધ્ધિ

In analysing a sentence the કર્મવિવર્ધક may be placed in the column of the કર્મ and the ક્રિયાપૂર્ણ in the column of the ક્રિયાપદ.

287. We give below the usual Table and the પ્રથક્કરણ of a few simple sentences:—

(a) એક વણજારાને ત્યાં મોતીઓ નામે પાળેલો કૂતરો હતો.
(b) આજ કાલના જુવાનો સહનશીલતાને દાસત્વ ગણેછે.
(c) આ વાડ પર કેવાં સુંદર ફૂલો આવી રહ્યાંછે!
(d) બરાબર ચાળીશ વર્ષની એક ઉંચી પણ ભરેલા શરીરની સ્ત્રી તેની પાસે બેસી માતાની પેઠેજ તેની સરભરા કરતી હતી.

કર્તૃપક્ષ		ક્રિયાપક્ષ		
કર્ત્તાવિવર્ધક	કર્ત્તા	કર્મ-વિવર્ધકસહ	ક્રિયાપદ-ક્રિયાપૂર્ણ સહ	ક્રિયાવૃધ્ધિ
(a) મોતીઓ નામે પાળેલો	કૂતરો		હતો	એક વણજારાને ત્યાં
(b) આજ કાલના	જુવાનો	સહનશીલતાને દાસત્વ	ગણેછે	
(c) કેવાં સુંદર	ફૂલો		આવીરહ્યાંછે	આ વાડપર
(d) બરાબર ચાળીશ વર્ષની એક ઉંચી (પણ) ભરેલા શરીરની	સ્ત્રી	તેનીસરભરા	કરતીહતી	તેનીપાસે બેસી માતાની પેઠેજ

COMPLEX SENTENCE (સંયુક્તવાક્ય).

288. સંયુક્તવાક્ય contains two or more clauses, *only one* of which is *principal*, while the other or others are *subordinate*: as,

(*a*) જે ઉપર આપણે રહીએ છીએ તે પૃથ્વી છે.

(*b*) તમારે ખૂબ યાદ રાખવું કે જૂઠું બોલવું એ મહા પાપ છે.

In (*a*) there are two clauses—

(i) જે ઉપર આપણે રહીએ છીએ and (ii) તે પૃથ્વીછે.

Of these the (ii) clause is principal or મુખ્યવાક્ય, while the (i) clause is subordinate or ઉપવાક્ય.

In (*b*) તમારે ખૂબ યાદ રાખવું is a મુખ્યવાક્ય, and જાઠું બોલવું એ મહા પાપ છે is an ઉપવાક્ય.

289. The clause containing the main verb of the whole sentence is called મુખ્યવાક્ય. An ઉપવાક્ય is a subordinate or dependent clause, which forms the component part of some other clause, and in relation to the latter, does the work of a *noun*, an *adjective* or an *adverb*. These ઉપવાક્ય are accordingly of *three* kinds:—

(*a*) નામવાક્ય—a *noun* clause,
(*b*) વિશેષણિક વાક્ય—an *adjectival* clause,
(*c*) ક્રિયાવિશેષણિક વાક્ય—an *adverbial* clause.

(*a*) નામવાક્ય.

290. નામવાક્ય is a clause which does the work and occupies the place of a નામ in relation to some other clause: it may be—

(1) કર્તા—તે માણસ ગરીબ છે (એ) ખુલ્લું છે.

(2) કર્મ-માયા દેખી મુનિવર ચળે (એ) તમે હળવે હળવે જોશો.

(3) સમાનાર્થ (in apposition)—સવાલ (એ) છે કે કેટલા દિવસ આવા કહાડવા ? 'અહિંસા પરમો ધર્મઃ' (એ) વચન સર્વને માન્ય છે.

(b) વિશેષણિક વાક્ય.

291. વિશેષણિક વાક્ય is a clause which does the work and occupies the position of a વિશેષણ to some noun or noun equivalent in some other clause: as, જે મૂર્ખ હોય તે લક્ષ્મીથી મોહ પામે.

A વિશેષણિક વાક્ય is generally introduced by the relative pronoun જે: as, જે કુટુંબમાં વડીલ વર્ગ સળેલો તે કુટુંબમાં સર્વ સળેલું હોય છે.

This જે may often be understood: as, તમે (જે) વાત કહી તે ખોટી પડી. (જેને) મૃત્યુનો ડર હોય તેને વીર કહેવાયનહીં.

(c) ક્રિયાવિશેષણિક વાક્ય.

292. ક્રિયાવિશેષિણિક વાક્ય does the work of an adverb with respect to the verb, adjective or another adverb in some other clause, and like an adverb, shows—

(1) Time—જયારે નાડી ચાલતી નથી ત્યારે કહીએ જે જીવ ગયો.

(2) Place—જ્યાં જાય ઉંડો ત્યાં સમુદ્ર સૂકો.
શોભ નહીં જ્યાં લોભનો (ત્યાં) શોભા સઘળી જાય. [મૂકો.

(3) Manner—આંખ ઉપર પ્રકાશ ન આવે એવી રીતે દીવો

(4) Cause—કોઇ સારો વર મળ્યો તેથી તને ભૂલી ગઈ.[આર્વત.
(5) Condition—જો દ્રવ્ય છોડયું ન હોત તો આ પ્રસંગ ન

COMPOUND SENTENCE (સાન્વય વાક્ય).

293. સાન્વય વાક્ય is a sentence of two or more principal clauses joined together by *co-ordinative* conjunctions as, ધનુ ઘણું રોયો ને કાલાવાલા કર્યા પણ શેઠે માન્યું નહીં.

N. B.—Co-ordinative conjunctions as opposed to *subordinative* ones, are such as join together clauses *co-ordinate or of equal rank* with one another.

In a સંયુક્ત વાક્ય, every clause, besides the principal clause, is a *subordinate* or *dependent* clause, forming a constituent or component part of some other clause, while in a સાન્વય વાક્ય, each clause is an *independent* clause, being co-ordinate or of equal rank with the other or others.

294. The co-ordinate clauses of a સાન્વય વાક્ય are joined together by વાક્ય યોગી denoting different relations, the principal of which are—

(*a*) સંગદર્શક સંબંધ—*Cumulative* (or *copulative*) relation—(addition)
(*b*) વિકલ્પ દર્શક સંબંધ—*Alternative* relation—(alternative or choice)
(*c*) વિરુધ્ધાર્થ દર્શક સંબંધ—*Adversative* relation (opposition or contrast)
(*d*) કારણ દર્શક or પરિણામ દર્શક સંબંધ—*Illative* relation—(cause or inference)

Illustrations:— [જ્ઞાનની આપજો.

(a) હું તમને પૈસાની મદદ આપીશ અને તમે મ્હને

(b) હું એકલો જાઉં કે તમે સાથે આવો છો ?

(c) કાચી કેરી ખાટી લાગે પણ પાકીતો ગળી લાગે.

(d) હું સદા સ્વચ્છ હવામાં રહું છું અને તેથી સારી તન-દુરસ્તી ભોગવું છું.

295. Sometimes compound sentences are *contracted* or *shortened* to avoid repetition of the same word, when the co-ordinate clauses may have—

(a) the same કર્તા—તે તેના ઉપર તૂટી પડ્યો, કૂદીપડ્યો, ઉડીપડ્યો. [અને કાંઈક સંસ્કૃત.

(b) the same ક્રિયાપદ—તમે શું ભણ્યા છો ? કાંઈક ઇંગ્રેજી

(c) the same કર્મ—તેણે સુગુણસિંહને જોયો, નિરખ્યો, ઓળખ્યો. [સરોવર જળ સુકાય.

(d) the same ક્રિયાવૃધ્ધિ—ઉનાળે ઉંડા જળ જાય, નદી

Such contracted sentences in Gujarati are called **સંકુચિત** સાન્વયવાક્ય.

296. The several clauses of a સાન્વયવાક્ય joined together by the વાક્યયોગી indicating different relations, are called **સહગામી** or *collateral* sentences. These વાક્ય યોગી are often omitted in poetry as also in prose: as,

કાપ કલેશ કંકાસને કાપ પાપ પરિતાપ,

કાપ કુમતિ કરૂણા કરી કાપ કષ્ટ સુખ આપ.

કેટલાએક કંઇન્હાને પગ છૂટા કરવાને બારણે ગયા, કેટલાએક આડા થયા, કેટલાએક કોઈ વાતોડા સરદર આગળ ટોળું વળી ઉભા.

297. GENERAL DIRECTIONS FOR THE ANALYSIS OF SENTENCES.

(i) In analysing a વાક્ય, first examine whether it is સાદું, સંયુક્ત, or સાન્વય.

(ii) When the sentence is a simple sentence, first find the subject.

When the construction is કર્તરિ, the agent or કર્તા is the subject or કર્તૃપક્ષ. But in the કર્મણિપ્રયોગ with passive verbs, the object or કર્મ, called સહક કર્તા, is the ક્રિયાનાથ of the verb and is included in the કર્તૃપક્ષ. The agent then, in such sentences, taking the 3rd or the 5th case may be placed with ક્રિયાવૃદ્ધિ or extension of the predicate: as—

સ્વાર્થ જળનાં માછલાંએ પરમાર્થ બુદ્ધિની કલ્પના ન કરાઈ.

પરમાર્થ બુદ્ધિની કલ્પના—કર્તૃપક્ષ
ન કરાઈ—ક્રિયાપદ
સ્વાર્થ જળનાં માછલાંએ—ક્રિયા વૃદ્ધિ.

Or, તારાથી આખો લાડવો ખવાશે ?

આખો લાડવો—કર્તૃપક્ષ, ખવાશે—ક્રિયાપદ, તારાથી—ક્રિયાવૃદ્ધિ.

In sentences where the agent takes the dative case, it may be placed with ક્રિયાવૃદ્ધિ or may be enclosed in brackets in the column of the કર્તા.

In sentences with ભાવ કર્તૃક ક્રિયાપદ, as આજે બહુ ઘામે છે, the notion implied in the verb may be placed in brackets as કર્તા.

(iii) All words or phrases qualifying the subject may be set down as કર્તા વિવર્ધક, and placed either with the કર્તા, or in a separate column as વિવર્ધક.

(iv) Next find the finite verb in the sentence and set it down as the ક્રિયાપદ.

(v) If the verb is a verb of incomplete predication (અપૂર્ણ ક્રિયાપદ), find the ક્રિયાપૂર્તિ or complement.

(vi) When the verb is transitive, find out the કર્મ.

(vii) If there are two objects, to the verb, state which is ઉપસ્થ or direct, and which અનુપસ્થ or indirect or personal.

(viii) Look for any word or words qualifying the કર્મ, and set it down as કર્મવિસ્તારક either with the કર્મ or in a separate column.

(ix) Lastly pick up what adverbs or adverbial phrases there are showing time, place, manner, cause of the action denoted by the verb, and put these down as ક્રિયાવૃદ્ધિ.

(x) Interjections and words in the vocative case may be set apart as they are not grammatically connected with the sentence.

(xi) When the sentence is a complex sentence, look for the number of clauses in the sentence, pick up the મુખ્યવાક્ય or principal clause, enumerate the several subordinate clauses, state opposite each subordinate clause whether it is a noun clause, an adjective clause or an adverbial clause, and point out in relation to what word or clause it does duty as a noun, adjective or adverb, and lastly proceed to analyse the principal clause and each of the subordinate clauses separately, as if each were a simple sentence.

(xii) In a compound sentence, the collateral clauses may themselves be either simple or complex. Write down all the સહગામી વાક્યો one below another, state opposite each the relation it bears to some other clause, and then proceed to analyse each separately. If the sentences are contracted or elliptical, supply the omissions and ellipses first, and then analyse the clauses.

298. A few sentences, complex and compound, are analysed in the following table:—

(a) કોલમ્બસ મૂઓ પણ તેનો જીવ અનેક ખોળિયામાં આજ જીવે છે.

(b) આપણે દિવસે દિવસે નિર્બળ થતા જઇએ છિયે એ વાત તો જૂના અને નવા મતનાં માણસો એક મને સ્વીકારે છે.

(c) બિલાડીઓએ ગભરાઈને પેલા વાંદરાને કરગરીને કહ્યું કે ભાઈ, કેમે કરતાં અમારો છૂટકારો કર ને આ જે કાંઇ થોડું ઘણું રહ્યું છે તે અમને પાછું આપ.

વાક્ય	વાક્યની જાત	કર્તાવિવર્ધક સહ	કર્મવિવર્ધક સહ	ક્રિયાપદ ક્રિયાપૂર્ણસહ	ક્રિયાવૃધ્ધિ
(a) કોલંબસ..........જીવેછે	સાન્વયવાક્ય				
(i) કોલંબસ મૂઓ	સાદું વાક્ય (ii) નું સહગામી વિરૂધ્ધાર્થદર્શકસંબંધ	કોલંબસ		મૂઓ	
(ii) (પણ) તેનો જીવ... જીવેછે	સાદું વાક્ય (i) નું સહગામી વિરૂ. દ. સંબંધ	તેનો જીવ		જીવેછે	અનેક ખોળિયામાં આજ
(b) આપણે.........સ્વીકારેછે	સંયુક્ત વાક્ય				
(i) આપણે......છીએ	નામ ઉપવાક્ય (ii) માં 'વાત' નું સમાનાર્થ	આપણે		નિર્જળ થતા જઈએ છિયે	દિવસેદિવસે
(ii) એ વાત...સ્વીકારેછે	મુખ્યવાક્ય	નવા અને જૂના મતનાં માણસો	એ વાત	સ્વીકારેછે	તો એકમતે
(c) બિલાડીઓએ.........આપ	સંયુક્તવાક્ય				
(i) બિલાડીઓએ...કહ્યું	મુખ્યવાક્ય	બિલાડીઓએ	પેલા વાંદરાને	કહ્યું.	
(ii) કેમે કરતાં.........કર	નામ ઉપવાક્ય 'કહ્યું' નું કર્મ	(તું)	ભાઈ....આપ અમારો ફૂટકારો	કર	ગભરાઈને કરગરીને કેમેકરતાં
(iii) આજે......... રહ્યુછે	(iv) નું વિશેષણવાક્ય	આજે...ધણ		રહ્યુછે	
(iv) તે અમને......આપ	(ii) નાજેવું નામવાક્ય	(તું)	અમને, તે	આપ	પાછુ

We shall now take up the three heads of Syntax *viz.* અનુક્રમ or *Order*, અન્વય or *Concord* and અધિકાર or *Government.*

અનુક્રમ (ORDER.)

299. અનુક્રમ or order shows the relative position of words in the construction of sentences.

300. The regular order of words in a Gujarati sentence is first the કર્તા or subject, then the કર્મ or object if any, and last the ક્રિયાપદ or verb: as,

પક્ષી ઉડેછે. ખેડુત જમીન ખેડેછે.

The ક્રિયાપૂર્ણ or complement of an intransitive verb like the object comes before the verb: as,

આપણો દેશ ગુજરાત કહેવાય છે. ખબૂતર જાતજાતના થાય છે.

301. Adjectives used *attributively* and adjectival phrases, including participles with or without adjuncts, and nouns or pronouns *in the possessive case* are placed immediately before the noun qualified or explained: as, ઉદ્યમી માણસ ઘણું કામ કરેછે. ધંધેવળગેલો માણસ સુખી હોય છે. દેશદેશના લોકની બોલી જુદી હોય છે. તમારા ભાઈ ક્યાં છે? બળતા ઘરના પાછલા ભાગના વાડામાં જવાનો એક માર્ગ જડ્યો.

302. Adjectives used *predicatively* are placed with the predicate, that is after the subject which

they qualify and not before it: as જગત મોટું છે. અહીં નિશાળો ઘણી છે.

Adjectives used *factitively*, that is as complements of factitive verbs, also come near the verb: as, મેં તેને હોશીઆર બનાવ્યો.

When an adjective and a noun or pronoun in the genitive case refer to the same વિશેષ્ય, the adjective comes after the genitive noun or pronoun: as, મીલ્ટનનું મોટું કાવ્ય, ઘરની એક સ્ત્રી and not એક ઘરની સ્ત્રી.

303. Adverbs modifying the verb always precede the verb: as, ઘોડો ઝડપથી દોડે છે.

When the verb is transitive the adverb may *either* precede or follow the object according to the sense as, તે કસરત દરરોજ કરેછે. તે દરરોજ કસરત કરે છે.

304. Adverbs and nouns with prepositions or case-suffixes showing time or place are most frequently placed *at the beginning of a sentence.* as, આજ તો બહુ ઠંડી થાય છે. એકદહાડો અષાડ મહીનામાં મગન,ને એની મા મેડેબેઠાં હતાં.

305. In Gujarati the order of words remains the same in indicative, imperative, and interrogative sentences: as,

(Ind.) છોકરો પાઠ વાંચે છે
(Inter.) છોકરો પાઠ વાંચે છે?
(Imp.) છોકરા! પાઠ વાંચજે

306. Interrogative pronouns used adjectively occupy the same place as adjectives: as, હવે વિલાપમાં શો ફાયદો ?

307. Interrogative particles such as શું, કે, કેશું, કે નહિં, કેની and ની are often placed at the end of પ્રશ્નાર્થ વાક્ય with varying shades of meanings: as,

(*a*) અમારી સાથે આવો છો કે ? (*b*) અમારી સાથે આવો છોશું ?
(*c*) અમારી સાથે આવો છો કે શું ? (*d*) અમારી સાથે આવો છો કે નહિં ?
(*e*) અમારી સાથે આવો છો કેની ? (*f*) અમારી સાથે આવો છો ની ?

Of the above, (*a*) asks a simple question, (*b*) & (*c*) indicate surprise, (*d*) requires a definite reply, (*e*) & (*f*) show familiarity and expect the answer 'yes' which is implied in the question.

308. A subordinate sentence when used as the object of a verb, follows the principal sentence when introduced by કે or જે, but it comes before the principal sentence if it is followed by the demonstrative એ, તે, એમ or એવું: as, તેની માએ કહ્યું કે તું આજ કડકો લાડુ લેજે. ઉંદરે કાલાવાલા કર્યા જે મહારાજ આટલો ગુન્હો માફ કરો. તમે તેને મદદ આપી એ બહુ સારૂં કીધું. એને સારી શીખામણ આપીએ છીએ તે કડવી લાગે છે.

309. Gujarati allows great latitude in the arrangement of words and the order above indicated is often inverted

(*a*) in poetry (*b*) in proverbial expressions,
(*c*) in colloquial or ironical speech, *and*
(*d*) for the sake of emphasis.

As: (*a*) કરેજ કેડ જે ઘણી (*b*) વીંધ્યું તે મોતીને કીધું તે કામ.
ધરેજ બુધ્ધી તે તણી. જેનો હોય વગ તેનો પેસે પગ.
(*c*) કહી દે ખરેખરું, નહીં તો ઉડાડું છું ચન્ય માતાને.
જાણ્યું જાણ્યું તારું ડહાપણું.
(*d*) હજી ના આવ્યા પ્રધાન કે ન દેખાયાં રાજા.

અન્વય (CONCORD.)

310. અન્વય or Concord is the agreement of one word with another in gender, number, person, and case. In Gujarati the principal heads of અન્વય are (1) વિશેષણ and its વિશેષ્ય, (2) સર્વનામ and its પૂર્વાપર or antecedent, and (3) ક્રિયાપદ and its ક્રિયાનાથ.

વિશેષણ.

311. A વિશેષણ agrees with the વિશેષ્ય or the noun it qualifies in *gender*, *number* and *case*: for example,
જુનો ચાકર; જુની સોપારી (gender)
નવું મકાન, નવાં કપડાં (number)
કાળો ઘોડો, કાળા ઘોડાને (case)

Note—The adjective as a rule does not take the case-suffixes except in the case of the instrumental and the locative with એ, when the વિકારી વિશેષણ is attracted into એ (See Art. 54): as, સારે છોકરે, ઉઘાડે માથે, આરે લાકડે.

In the above rule the adjective includes a genitive noun or or pronoun, a participle and a pronoun used adjectively: as, શેઠનો સાળો, તમારી દુકાન, ફરતો કાળ, પેલો દરવાજો.

312. An adjective qualifying the indefinite infinitive, a phrase, or a clause is *neuter singular*: as, બહુ હસવું સારૂં નથી. મીત્રવિના એકલા રહેવું અઘરૂં લાગ્યું. નિર્બળનાપર વેરલેવું એ ભુંડું છે.

313. Adjectives do not attributively qualify pronouns; but when they are used predicatively or factitively they agree with the pronouns in *gender* and *number*: as, એક લખે કે હું તારાવિના ઘેલો થયો છું અને બીજી લખે કે હું તારાવિના ગાંડી થઈ છું.

314. A *singular masculine noun* used in માનાર્થબહુ-વચન requires the qualifying adjective to be *masculine plural* while the *feminine noun* so used requires the adjective to be *neuter plural*: as, વનરાજ મહારાજ મોટા થયા છે. નવાં રાણી બહુ ભલાં છે.

An adjective with several nouns.

315. An adjective *attributively* qualifying *several nouns* of *different* genders *agrees only with the first*: as, નવો ખડીઓ ને કલમ, જૂનું બદન ને અંગરખો or it may be *repeated* before each of the nouns: as, નવો ખડીઓ ને નવી કલમ:

316. When the adjective *predicatively* qualifies

several nouns of the *same* gender, it takes the *plural form of that gender* as: બાપુ અને છગન ભલા છે. કુંવરી અને તેની સખીઓ **બાવરી** બની ગઈ. મુંબઈ અને કલકત્તા ઘણાં મોટાં શહેર છે.

317. But if the nouns be of *different* genders the adjective is *neuter plural*: as,

એક દહાડો મગન ને એની મા મેડે **બેઠાં હતાં.**

318. An adjective used with a noun *compounded* of two nouns of *different* genders, is *neuter plural*: as, **વછુટાં પડેલાં** માદીકરાનો મેળાપ થયો.

319. When several nouns are connected by કે or અથવા, an adjective used *predicatively* agrees with the noun *nearest* to it. As: પીછોડી કે ધોતીયું **નવું** હોય તો આપો. ધોતીયું અથવા પીછોડી **નવી** હોય તો આપો.

સર્વનામ.

320. A pronoun agrees with its *antecedent* in *number* and *gender*: as: એક લખે કે હું તારાવિના ઘેલો થયો છું અને **બીજી** લખે કે હું તારાવિના ગાંડી બની છું.

321. The demonstrative એ or તે may be used

(*a*) for a noun, as: **ઘર** સારું નથી, **એ** કેવું છે.

(*b*) for the indefinite infinitive, as: **કહેવું એ** સહેલ છે.

(*c*) for a phrase, as: સવારનાં ઉઠીને ઈશ્વરનું નામ લેવું એ જરૂરનું છે.

[રીતે તે જોવાનું છે.

(*d*) for a clause, as: કોના તરફથી વાત ફૂટી છે અને કઈ

(*e*) for some person or thing indefinitely, as: એ કોણ સુતું છે? એ શું પડ્યું?

Note:—The demonstrative એ is sometimes used in apposition to a single noun where it is quite redundant, as: રામશાસ્ત્રી એ એક પંડિત હતો. ડાકોર એ એક જાત્રાનું ધામ છે.

322. The correlative તે agrees with the relative જે in *gender* and *number* though *not in case*, as: (જે). જાયું તે જવાનું સર્વ. જે આગમ્યુ છે તેનાથી કાંઈ થતું નથી.

323. A pronoun used in answer to a question must agree in *case* with the interrogative pronoun, as: કોણ આવ્યું? હું. કોનો નોકર? આપનો. એ બતાવવાનું કોણે માથે લીધું છે? મ્હારાએ.

THE VERB AND ITS ક્રિયાનાથ.

324. In Gujarati the most important head of concord is the concord of the verb with its ક્રિયાનાથ. A verb agrees with its ક્રિયાનાથ in *number* and *person* or in *number* and *gender*, as:

હું પાઠ વાંચું છું. તમે પાઠ વાંચશો.
પોટલાં બંધાયાં, કલમો વ્હોરાઇ, ચશ્મા ડાબલામાં ઘલાયાં.

In ભાવેપ્રયોગ when the verb has no ક્રિયાનાથ, and in ભાવકર્તરિપ્રયોગ when the ક્રિયાનાથ is the ભાવ or notion implied in the verb, the verb is *neuter singular*. As:

મારાથી જવાતું નથી. મારા પેટમાં દુઃખે છે.
એને કોઇસાથે ફાવતું નથી.

325. In Gujarati, in certain tenses the verb agrees with its ક્રિયાનાથ in *number* and *person*, while in other tenses, in *number* and *gender*. (See Note to Article 203.) Again in some constructions, the કર્તા or subject is the ક્રિયાનાથ, when in others, the કર્મ or object becomes the ક્રિયાનાથ. The rules on this have been fully given in the treatment of *Prayogas* or verbal constructions. (See Arts. 233 to 240 and also Art. 241).

326. When a person is spoken of respectfully, the verb is *masculine plural* or *neuter plural* according as the ક્રિયાનાથ is *masculine* or *feminine*, as: સાધુ છેક થઇ ગયા. ડ્યુક ઑફ્ એડિંબરોના મરણથી મહારાણી ઘણાં શોકાતુર થયાં.

327. A verb having for its ક્રિયાનાથ a phrase or a clause followed by the appositional એ,તે or એવું is *neuter*, as:તમે તેને મદદ આપી એ સારૂં કીધું. હકીકતના એ ભાગ એ ખરૂંપડ્યું.

328. When a word used as the complement of a verb of incomplete predication, is a noun or noun equivalent, the verb must agree with the *subject* and *not* with the complement, as: અહકિશોરી! તું મારી ગુરૂ થઇ. મોહન કાલે દમયંતી બન્યો હતો.

Exception—In spite of the above rule, usage clearly shows anomalous constructions in which the complement by its being nearer the verb influences the gender or person of the verb, as:

તે સ્ત્રી ખરેખરું દુઃખનું સ્વરૂપ હતું (ક. ઘે.)

કંદ, મૂળ, ફળ, ફૂલાદી પણ તેમના નિર્વાહની ચીજો હતી.

329. In addressing a person the verb is in *2nd person*, as: હે ઇશ્વર! મારાં પાપ માફ કર.

When however a word or title of honour is used in place of the second personal pronoun, it is usual to use the verb in the 3rd person, as:

મુકરર કરેલે વખતે હું તો હાજર થએલો પણ રાવસાહેબ ઘરમાં નહોતા.

TWO OR MORE *KRIYANATHS.*

330. Two or more *kriyanaths* of the *same gender* and of the *singular* number connected by અને or તથા require the verb to be in the *plural number of that gender*, as: વનરાજ, સુરપાળ, અને રૂપછ દીવાન આશુપતીના ડેરામાં આવ્યા (Mas. plu.)

કાહી તથા કાશી પોતપોતાને ઘેર ગઇઓ. (Fem. plu.)

હેસ્ટીંગ્સ અને વેટરલુ ક્યાં આવ્યાં છે? (Neu. plu.)

331. But if these *kriyanaths* are of *different* genders the verb is *neuter plural*, as: બીલો તથા બાલડીઓ ત્રીજે રસ્તે નાઠાં. તેઓનામાં પરાક્રમ અને શકિત નહોતાં.

Note:—Sometimes the verb agrees with the *nearest* or *last mentioned* of such words of different genders joined by અને, as: મેફ્રીંગનાં લશ્કર પાસે ખોરાક, કપડાં, અને દારૂગોળો આવી રહ્યો હતો.

332. When several *kriyanaths* separated by કે, અથ-

વા or વા are of *different* genders, the verb agrees in *gender* and *number* with the one *nearest* to it, as:

ઘરમાં શેઠ, શેઠાણી, કે નોકર નહોતો.

333. When however, these words are followed by the indefinite pronoun કોઈ or કશું, the verb is *neuter singular*, the words so used being *either* of the *same* gender, or of *different* genders.

(*a*) મકન, ભાણો કે લસ્તુ કોઇ મળ્યું નહીં.

(*b*) પાઘડી, ડુપટો, ટોપી કે શેલું કશું નહતું.

Pronouns of different persons as Subjects.

334. When several pronouns of *different* persons joined by અને or તથા are used as Subjects, the verb is *plural* in number and agrees *in gender with the first person rather than with the second or third, and with the second rather than with the third.* as,

હું, તું ને તે જઇશું   તું ને તે જશો ?
હું ને તું જઇશું   તું ને તેઓ જશો ?

335 When the pronouns are separated by કે, અથવા or વા, the verb agrees in *person* and *number* with the pronoun *nearest* to it, as:

હું કે તું જશે.   તું કે હું જઇશ.   તું કે તેઓ જશે.

In Gujarati the verb is often omitted

(*a*) in poetry, as: સુખી હું તેથી કોને શું ?

(*b*) in proverbial expressions, as: બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.

(c) in colloquial, ironical or explanatory sentences, જેમ: આ તે તમારી લાયકી ! બાપ કરતાં બેટા સવાઈ ! અહો ભાઈ, આજ ઘણે દીવસે તમે ક્યાંથી !

આધિકાર (GOVERNMENT.)

336. આધિકાર or Government is the power by which one word requires another to be in a particular case. The rules of syntax under this head have been given incidentally under

The significations of *Cases* (Vide Art.145 to 151)
„ „ *Participles* („ „ 185 to 191)
„ „ „ *Tenses* („ „ 218 to 221)

CHAPTER VII.

PUNCTUATION—વિરામચિન્હ.

337. *Punctuation* explains the method of inserting various marks in a written composition in accordance with the sense. In other words, it corresponds to pauses or variations of tone in speaking, and serves the purpose of making the sense clear to the reader.

338. The following are the *marks* or *signs* of punctuation generally used in Gujarati:—

, — *The Comma*—અલ્પવિરામ or લઘુવિરામ.
; — *The Semicolon*—અર્ધવિરામ or ગુરૂવિરામ.
: — *The Colon*—ન્યૂનવિરામ.
. — *The Full Stop* or *Period*—પૂર્ણવિરામ or અંત્યવિરામ.
? — *The Note of Interrogation*—પ્રશ્નચિન્હ.
! — *The Note of Exclamation*—ઉદ્‌ગારચિન્હ or આશ્ચર્યચિન્હ.
-- — *The Dash*—ગુરૂરેખા.
- — *The Hyphen*—સંયોગચિન્હ.
( ) or [ ] — *Brackets*—કૌંસ.
" " — *Inverted Commas*—અવતરણટાંપ.
' -- *The Note of Elision*—લોપચિન્હ.
⌣ — *A short syllable*—લઘુચિન્હ.
— — *A long syllable*—ગુરૂચિન્હ.
* — *The Asterisk* or *Star*—ફૂલ or ફૂદડી.
† — *The Obelisk*—કટારી.
‡ — *The Dagger*—દ્વિકટારી.
§ — *The Section*—સર્પગાંઠ.

¶ — *The Paragraph*—પદચિન્હ
☞ — *The Index*—સૂચકચિન્હ.
^ — *The Caret*—કાકપદ.

339. A *Comma* is generally inserted—

(*a*) Between words or phrases that have the same grammatical connection with the sentence, as:-

વિશ્વાસુ, મેહેનતુ, નિમકહલાલ અને કાબેલ પુરૂષો પણ બ્હીલા જેવા દેખાવા લાગ્યા. (કુસુમાવલી)

કરણની ત્યાગ શક્તિ, દુર્યોધનની નીતિ, ધર્મનું સત્ય, ભીમનું બળ, કૃષ્ણનો પ્રેમ અને અર્જુનનું શૌર્ય એ સર્વે એના લઘુ દેહમાં અન્યોન્યથી અધિકતર સત્તા મેળવવાને યત્ન કરતાં હતાં. (કુસ.)

N. B.—When such words follow each other *in pairs*, a comma is inserted between each pair: as,

ધનવાન અને નિર્ધન, જુવાન ને ઘરડાં, શેઠ અને ચાકર, અમીર અને ફકીર એ સઘળામાં કાંઈ અંતર રહ્યો નહીં. (કરણઘેલો)

(*b*) Before and after vocative cases: as—

અલક બ્હેન, જવા દ્યોને એને હવે! (સરસ્વતી ચંદ્ર)

કહે, દેવી, હવે આનું શું કરવું છે? (સર.)

N. B.—When some *passion* or *emotion* is to be expressed, a note of exclamation is used after the vocative: as—

ચંદ્રકાંત! ચંદ્રકાંત! કાંઇ કહેવાનું નથી. (સર.)

(*c*) Between several simple sentences, joined together by conjunctions: as,

આ બાલિકાએ કંપથી ભય બતાવ્યો, અશ્રુપૂર્ણેક્ષણથી શ્રમ બતાવ્યો, બાહુસ્વંસ્તિકથી અધૈર્ય બતાવ્યું અને અંગુષ્ઠાલેખથી લજ્જા બતાવી. (કુસ.)

(d) Before and after phrases or sentences used as adjuncts, to enlarge a preceding noun or pronoun: as—ઠાકોરના ઇચ્છારામજી મહારાજ, જે એક અવતારી પુરૂષ થઈ ગયા કહેવાય છે, ને જે મંદિર માંડી બેઠા હતા, તેને કંઈ ખબર પડી કે દયારામ સારૂં કાવ્ય કરે છે. (દયારામ)

કવિ નર્મદાશંકરે, પોતે દયારામની બાની ઉપર આશક હોવાથી, તેને વિષે હકીકત મેળવવામાં ઘણો પ્રયાસ કર્યો હતો. (દયારામ)

(e) Before and after phrases introduced into the body of a sentence: as,

તમારે તો, ગમે તેમ હોય તોપણ, એવી વાત વિસારી દેવી જોઇએ.

(f) Before quotations, when immediately dependent on the verb that introduces them: as:—

આ વાત સાંભળીને પાદશાહે પૂછ્યું, "તમે શા ઉપરથી આટલી દેહેશત રાખો છો?" (કરણ.)

N. B.—A *colon* is also used in such cases.

340. The *Semicolon* is inserted between two portions of a sentence, each being complete in itself, when the pause is intended to be longer than that meant by a comma: as,

આ તરૂણ નરને માથે મહારાજા શ્રી કેસરીસિંહના બંન્ને હાથ હતા; તેની પૂંઠે મહારાણી દેવી કામસેનાની પવિત્ર અને બળવાન ઓથ હતી; તેની સામે કુલીન કોમળ પણ પરીક્ષક ચક્ષુદ્રય હતાં; અને તેના દેહાત્મા પ્રતિ કુમારી વસંત વિલાસિનીનું સર્વસ્વ હતું; તેથી તે સર્વ પ્રકારે ભાગ્યદેવીના માથા ઉપર બેઠો હતો. (કુસુ.)

341. The *Colon* is used after a portion of a sentence, complete in itself, when it is conjoined with another portion, connected with it by way of *enumeration, example, consequence,* &c.: as—

ઝૂનીસુરંગ, તેનું રાણાના અંતઃપુરમાં મ્હોં, ઊઘાડી તરવારવાળો રણછત, પોતાની સત્તા ઓછી થાય છે એવું શઠરાય જાણે છે એવી લોકખ્યાતિ, તેના પ્રતિસ્પર્ધી ઊપર રાણો વધારે પ્રીતિ દેખાડે છે એવી જનચર્ચા, અને શઠરાય ખૂન કરતાં ડરે એવો નથી એ અપવાદ: આ સર્વ વાર્તા ઉપરથી એકજ અનુમાન થાય એવું હતું. (સર.)

દશરથે રામનો ત્યાગ કર્યો, રામે સીતાનો ત્યાગ કર્યો, અને તે છતાં દશરથનું જીવન રામમય રહ્યું અને રામ સીતામય રહ્યા· તેમજ પતિવ્રતા કુમુદસુંદરી મૂર્ખ પતિને મનનો સ્વામી કરી દેવા મથી તે છતાં સરસ્વતીચંદ્રમય મટી નહીં ! (સર.) [માથું રહ્યું. (સર.)

મનની વેદનામાં શરીરની વેદના જ સુઝી નહીં: ક્ષણવાર ત્યાં ને ત્યાંજ

342. The *Full Stop* is used—

(*a*) At the end of each complete and independent sentence: as—

એક દિવસ પુત્રને સંભારતા સંભારતા લક્ષ્મીનંદન શેઠ સરસ્વતીચંદ્રના વાલકેશ્વરવાળા બંગલામાં ગયા. (સર.)

(*b*) After abbreviations, as:—

તા. ક.—તાજા કલમ.	રા. સા.—રાવસાહેબ.
ઈ. સ.—ઇસ્વી સન.	રા. રા.—રાજ્યમાન રાજ્યશ્રી.
ઈ. સ. પૂ.—ઇસ્વી સન પૂર્વે.	રા.—રાજ્યશ્રી.
ઈ.—ઇત્યાદિ.	મુ.—મુકામ.

વિ.—વિદ્યમાન.	ઠે.—ઠેકાણું.
વિ. વિ.—વિશેષ વિનંતી.	તા.—તારીખ.
લા. or લી.—લખીતંગ.	સં.—સંવત.
રૂ.—રૂપિયા.	રા. બા.—રાવબહાદુર.
નં.—નંબર or નંગ.	ખા. બા.—ખાનબહાદુર.
પ્ર.—પ્રશ્ન.	ખા. સા.—ખાનસાહેબ.
ઉ.—ઉત્તર.	ચિ.—ચિરંજીવી.
સ.—સવાલ.	મી.—મીસ્ટર.
જ.—જવાબ.	કું.—કુંપની.
ડા.—ડાક્ટર.	

343. The *Note of Interrogation* is always used in a sentence after *direct* questions: as—

કેમ સુંદર ભાભી, આ શું અર્થાત્‌ ? આટલાંબધા પ્રશ્નો કેમ ? (સર.)

but not after *indirect* questions: as—

એ તો હું કયાં જાઉં છું, એ મને પૂછે છે.

344. The *Note of Exclamation* is used after expressions of sudden joy, surprise, terror, wish, benediction, address, &c., as:—

અરરરરર ! આ પિતા ! આ બોલે છે શું ! આનો ઉત્તર દેવાની કાંઈ જરૂર નથી ! (સર.)

આપની નિશ્ચિંતતા હવે અમર રહો ! (સર.)

ગાડીવાળો ચમકયો: "હેં ! કયાં ગયા ?" (સર.)

આ અમારા દોલ ઉપર જગકર્તા ઇશ્વર ! તું મોહોર કરજે, તથા હે નેત્રીસ કરોડ દેવતાઓ ! તમે સાક્ષી કરજો. (કરણ.)

N. B.—The mark is *repeated* when the emotion is very strong, as:—

રાજર્ષિ હરિશ્ચંદ્રના રાજ્યનો નાશ, સુહૃદનો ત્યાગ, ભાર્યા અને તનયનો વિક્રય !!! હે વિધાતા ! તેં આ શું કર્યું !!! (અસ્તોદય)

345. The *Dash* is used:—

(a) When there is an abrupt break in a sentence: as,

તમને કહેતાં જીભ ઉપડતી નથી, બાકી જાણું છું કે તમે જાણશો ત્યારેજ મ્હને કરાર વળશે ને ત્યારેજ——તમે સમજ્યાંજ છો સ્તો! (સર.)

(b) When some change in thought or construction is to be expressed: as,

વિષયને હું નચાવું છું—વિષય મ્હને નચાવી શકતા નથી; સંસાર મ્હારો દાસ છે—હું તેનો દાસ નથી. (સર.)

(c) After an enumeration of particulars to show that what follows is common to all of them. as,

કંઇક ઉપરીઓ પર લાંચના અથવા બીજી રીતે કસુર કરવાના આરોપના પ્રસંગ આવેલા; કંઇકને પોતાના કામમાં ગુંચવારા ભરેલા અને આંટીના પ્રશ્ન ઉઠેલા; કંઇક પ્રજા વર્ગના રાગદ્વેષના પાત્ર થયલા અને તેમનાપર તરકટ ઉઠેલાં; કંઇક પોતાના ઉપરી અમલદારોના અભિમાન અથવા દુર્ગુણ અથવા દ્વેષના બલિદાન થયેલા;—એવા એવા સર્વ ઉપરીઓને માનચતુરે પોતાની બુધ્ધિથી સવળા માર્ગ બતાવેલા. (સર.)

346. The *Hyphen* is generally used to connect compound words, and in printing, when a word is broken up into syllables at the end of a line: as—

સુમુખસિંહના વદન-શશીને શોક-રાહુએ છાયેલો જોતાંજ હર્ષને બ-
દલે તેને શોક થવા લાગ્યો. (કુસુ.)

347. *Brackets* are used to enclose a phrase or a sentence, which interrupts another sentence, as:—

રાજાએ રૈયતની સલાહ લીધા પછી દેશમાં રૂડી વ્યવસ્થા કરવા સારૂ (પોતાની મોજશોખને માટે નહીં) રૈયત પાસેથી ઘટતું દ્રવ્ય માગવું. (નર્મગદ્ય)

348. *Inverted Commas* are used when a passage is quoted or reported from an author or a speaker: as,

એની અને કુમુદસુંદરીની પળવાર
" મળી દૃષ્ટાદૃષ્ટ. " (સર.)

" અલક બ્હેન, હું તો તમારો ભાઈ થાઉં હો !" એમ બોલી પવિત્ર દૃષ્ટિથી તેના ભણી જોઈ રહ્યો. (સર.)

Sometimes a *single* comma is similarly used: as,

સર્વથા ' મરી ગયા પછીજ મનુષ્ય સુખી છે કે દુઃખી છે એ વાત સમજી શકાય ' એવું ગ્રીસના મહાત્મા સોલનનું કહેવું અનુભવ સિદ્ધજ છે. (કુસુ.)

349. The *Notes of Elision, a short syllable* and *a long syllable* are generally used in poetry to show respectively the elision of a letter, a syllable prosodially short, and a syllable similary long: as—

કળા નાણું વસુ લાવશે વિદેશમાંથીં નિદાન,
ભરપૂર હિંદુસ્થાનના રે'વાના નિધાન.

350. An *Asterisk*, an *Obelisk*, a *Dagger*, a *Section*, and a *Paragraph*—these marks are used in manuscripts and in printing to refer to some notes in the margin or at the foot of the page.

358. A *stanza* (કડી or પદ) is a combination of *four* (at times *six*, as in the case of છપ્પા and કુંડળિયા) *lines* (ટુક or ચરણ or પાદ or પદ), which are regulated either by the number of *syllables* (અક્ષર), or by the number of *syllabic instants* (માત્રા).

359. *One* માત્રા is allotted to a *short* syllable, and *two* to a *long* one in metres regulated by the number of માત્રા. A પ્લુત syllable is taken to possess *three* માત્રા.

360. *Metre* (છંદ or વૃત્ત) is the name given to the *system* regulating the number and position of syllables and syllabic instants in a line of poetry.

361. The *Cæsural pause* is called યતિ, where we are required to stop a little while repeating a line of poetry.

362. Versification in Gujarati is based upon *two* kinds of metres :—

(*a*) અક્ષરમેળ છંદ—Letter-metres; and

(*b*) માત્રામેળ છંદ—Syllabic metres.

363. A *short* syllable with *one* માત્રા is marked ⏑ , while a *long* syllable with *two* માત્રા is marked—.

364. For the sake of facility, there are used in Gujarati *eight* syllabic groups, or poetic feet, or ગણ, each consisting of *three* syllables, which can be expressed as follows:—

યગણ ⏑ — — as યશોદા (Eng. Bacchius).

રગણ	— ⏑ —	as રામજી	(Amphimacer).
તગણ	— — ⏑	as ગોવિંદ	(Anti-bacchius).
ભગણ	— ⏑ ⏑	as ભૂધર	(Dactylus).
જગણ	⏑ — ⏑	as ગણેશ	(Ambhibrachys).
સગણ	⏑ ⏑ —	as સવિતા	(Anapœstus).
મગણ	— — —	as અંબાજી	(Molossus).
નગણ	⏑ ⏑ ⏑	as કુમુદ	(Tribrachys).

Similarly લ (⏑) denotes a *short* syllable, and ગ (—) a *long* one.

These ગણ with their proper arrangement can be very easily remembered by the following couplet:—

आदिमध्यावसानेषु **यरता** यान्ति लाघवम् ।
भजसा गौरवं यान्ति **मनौ** तु गुरु लाघवम् ॥

The યગણ, રગણ and તગણ have respectively a *short* syllable in the beginning, middle, and end: while, with a *long* syllable in these places, we have respectively ભગણ, જગણ, and સગણ. If all the syllables be *long*, it is મગણ, while with all of them *short*, it is નગણ.

365. The usual માત્રામેળછંદ used in Gujarati are:— દોહરા, ચોપાઈ, પ્લવંગમ, મહીદીપ, રોળા, છપ્પા, હરિગીત, સવૈયા, ત્રિભંગી, ઝૂલણા, કુંડળિયો, ગીતિ.

366. The usual અક્ષરમેળવૃત્ત so used are:— અનુષ્ટુપ, ઇંદ્રવજ્રા, ઉપેંદ્રવજ્રા, ઉપજાતિ, દોધક, શાલિની, લલિત, તોટક, દ્રુતવિલંબિત, મોતીદામ, ભુજંગી, વંશસ્થ, વસંતતિલિકા, ચામર,

માલિની, નારાચ, શિખરિણી, મંદાક્રાંતા, પૃથ્વી, હરિણી, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, મનહર, વૈતાલીય, પુષ્પિતાગ્રા.

I. માત્રામેળછંદો (SYLLABIC METRES)

1. દોહરો.

The first and the third ચરણ contain 13 માત્રા each, while the second and the fourth contain 11 માત્રા each. The *eleventh* માત્રા is *short* in every ચરણ. The accent falls on the first, fifth and ninth માત્રા. The યતિ rests on the eighth માત્રા of every ચરણ.

પુસ્તક અર્ધું ઊઘાડું ને અર્ધું મીંચ્યું જણાય,
ઈન્દુ કિરણશી આંગુલી માંહીં પરોવી કાંઈ.—હૃદયવીણા.

2. ચોપાઇ.

Each ચરણ contains 15 માત્રા and ends in either જગણ; તગણ, રગણ or સગણ.

રે દૃગ! મુજને કાં તું બ્હાય? નહિં એ જુદા અનિલ બંધાય;
જૂદાં જૂદાં રૂપજ ધરી તું નો તું આવે ફરિ ફરી.—કુસુમમાળા.

3. પ્લવંગમ.

Every ચરણ contains 21 માત્રા with the યતિ resting on the eleventh માત્રા. The *initial* and the *final* letters of each ચરણ are *long*.

ચિત્તે મનુજ! વિચાર અધમ તું છે અતિ,
ધારી મતિ નવસાર કરી નીચ તેં મતિ;

તેં ભવમાં આ એક જગતમાં જન્મીને
લીધા વેશ અનેક બદન મન બદલીને.—કાવ્યસરિતા.

4. મહીદીપછંદ.

Every ચરણ consists of 22 માત્રા with *one* or *two long* letters in the end. The યતિ rests on the twelfth માત્રા, while the accent falls on the first, seventh, thirteenth, and nineteenth માત્રા.

પ્રેમબંધ બન્ધુતણો, વિશ્વજનો બોલે,
બાંધિયો પ્રભુધામથીજ જન્મથકી જોડે;
જનનિજાત ભગિનિ ભ્રાતની સમાન આંહિં
મનુજ રચીત બન્ધુતણો પ્રેમ બને નાહિં.—કુ. મા.

5. કાવ્ય or રોળાવૃત્ત.

Every ચરણ consists of 24 માત્રા with *at least one final letter long*, and the યતિ rests on the eleventh માત્રા.

પડયાં ન ઊઠયાં ભાઈ, રાજ મોટાં મોટાંઓ;
આસિરિયા ને મિસર, ગ્રીસને રોમ ગયાં ઓ!
કહાં હસ્તીનાપૂર, અરે કહું દિલ્લી કહાં છે ?
સિધ્ધપોર પાટણ, અરે તે પૂંણા કહાં છે?—નર્મકવિતા.

6. છપ્પા or છપય છંદ.

Unlike all other metres, this stanza contains six ચરણ. The first four ચરણ are those of રોળાવૃત્ત, and each of the last two contains 28 માત્રા with the યતિ resting on the fifteenth માત્રા.

વાદ્ય સાથ લડનાર, દિઠા તેને તન રોગી;
જરમાંહે ઝીલંત, અલિ ઝોળી થઈ જોગી;
શૂરા શિર સરદાર, કાયર કિંકર થઈ નાઠા;
સદાવ્રત દેનાર, ભીખભાગે થઈ માઠા;
જોબનવંતા નરનારીઓ, દીઠાં ડોસા ડોશીઓ;
સામળ કહે ફરતી છાંયડી, જોય ન જોશો જોષિઓ.

7. હરિગીત છંદ.

Each ચરણ contains 28 માત્રા with the યતિ at the fourteenth or the sixteenth માત્રા. The accent is on the third, tenth, seventeenth, and twenty-fourth માત્રા. There must be રગણ at the end of every ચરણ, or *at least the final letter* ought to be *long*.

રે! કષ્ટ તો બહુ બહુ સહ્યું મેં કામ કેરા કામમાં.
રે! તોપિ હું જારી રહ્યો સો જાગ એવા જામમાં;
દિનરાત ક્યાં વહિ જાયછે એ ગોપ્ય મનમાં ના ગ્રહી,
પ્રભૂ! સ્હાય કરતું મુજને પડું પાય હું તુજ ફરિફરી.

N. B.—This is the scheme given by Kavi Dalpatram (*Vide* his પિંગળ). Kavi Narmadashanker has introduced a change in *dropping the first two* માત્રા of every ચરણ and *necessarily* requiring a રગણ at the end (*Vide* his પિંગળ પ્રવેશ).

સાંભળી સ્તુતિ આપણીરે ભૂલિ ખાવી ના ખતા;
સ્વાર્થ સાર લોક લુચ્ચા જૂઠ આઝું બોલતા;
નિંદે કોઈ આપણે તો લડવું નહિં તે સાંભળી;
પીઠ પાછળ લોક હલકા ભૂંડું બોલે તે વળી.—ન. દ.

Mr. Narsinhrao Bholanath has, of late, introduced in his nice little books of poems, what he calls વિશ્રમ હરિગીત. There is nothing new about it. It is merely a combination of the two schemes laid out by the two esteemed poets of Gujarat. In this stanza, the odd ચરણ are Kavi Narmad's, while the even ones are Kavi Dalpatram's.

શાન્તિ શીતળ વરસિને સુખમાં સુવાડું રાત્રિએ;
જે નદી, સરવર, અદ્રિ, વિશ્વંભર, દિવસ તપિયાં ત્હેમને;
કુમુદિની કરમાઈ દિવસે થાકિને સૂઈ જતી;
ત્હેને જગાડું કરવડે મૂંદુ સ્પર્શ કરિને પ્રેમથી.—કુ. મા.

8. સવૈયા.

સવૈયા is of two kinds:—સવૈયા એકત્રીશા and સવૈયા બત્રીશા. In the first, every ચરણ contains 31 માત્રા, while in the second, every ચરણ contains 32 માત્રા. The યતિ is at the sixteenth માત્રા. In એકત્રીશા the *last two* letters in every ચરણ are *long* and *short* respectively, while in બત્રીશા *both* of them are *long*.

પરદેશીના બૂટ ફટાફટ માથાકૂટ કરી શીદ ધાર,
શોભા ખોટી તેની સઘળી ચાલે પૂરા દિવસ ચાર,
અલ્પ કાળમાં ફાટી જાશે, જાશે લઇ તેને પછી શ્વાન,
વેશ તજી પરદેશ તણો આસજ ત્હારો હે હિન્દુસ્થાન.—ક઼ા. સ.
અંબુધિતાત અને જનની જળમાત, સહોદર લક્ષ્મી બનેલી,
રાજ્ય કરે નભમાં, શિવ-ભાલ કરે ગૃહ, અમૃત કૌસ્તુભ બેલી;
સેનપતિ સ્મરનાયકનો, પતિરોહિણિનો; પ્રિય સર્વ તણોછે,
તો પણ અસ્તથયો શશિરાજ, અહો! ઊદયાસ્ત-પ્રભાવ ઘણોછે.—
ઇંદ્રજીતવધ કાવ્ય.

9. ત્રિભંગી.

Every ચરણ contains 32 માત્રા with the યતિ at the tenth, eighteenth, and twenty-sixth માત્રા. The accented માત્રા are the third, eleventh, nineteenth, and twenty-seventh. The *final* letter of every ચરણ must be *long*: and if સગણ can be introduced in the end, that is preferable. There are three *medial rhymes* (યતિપ્રાસ) in every ચરણ.

જય જંગદાધારા, સાંચીન્યારા, શું લહું સારા, ગુંણતહારાં,
જય નીરાકારા, પણસાકારા, સર્વાકારા, શુભકારા;
જય પાપો હારા, દુઃખ સંહારા, પાપી મારા, ગુણગારા,
જય જય ભવ તારા, શત્રુ વિદારા, શુભ અભિધારા, સુખકારા.

10. ઝૂલણા.

Each ચરણ contains 37 માત્રા with the યતિ resting on the tenth and the twentieth માત્રા. The *final* letter in every ચરણ must be *long*. The accented માત્રા are the first, sixth, eleventh, sixteenth, twenty-first, twenty-sixth and thirty-first. It is advisable to have the *third* માત્રા *short*.

સ્નાન કરિ નર્મદા નીરમાં ધીરનર એક કૌપીન અંગે ધરીને,
નર્મદે ! નર્મદે ! એમ ઉચ્ચારતો હર્ષથી રોમ ઉભાં કરીને;
સંગ નથી કોઇનો નિસ્પૃહી નિપુણ તે જગત જંજાળને શૂન્ય દેખે,
ધન્ય સંન્યાસને, વાસના છોડી જે આશના પાશ તૃણ તુલ્ય પેખે.—

. ર. શા.

11. કુંડળિયા.

Like છપ્પા this stanza also differs from others in containing six ચરણ. The first two ચરણ form a દોહરો, and the last four form a રોળાવૃત્ત. The first hemistich of the third ચરણ must be the same as the fourth hemistich of the preceding દોહરો, and the last words of the stanza must be almost the same as the first.

જેયિ સકળનાં મન હરે, મુક્તાફળ મહા મૂલ,
તો તેનાં કેવાં હશે, ફળની પેઠે ફૂલ ?
ફળની પેઠે ફૂલ હશે કયિ તરુમાં થાતાં ?
ઝાડ, છોડ, કેવેલ ? બાગમાં હશે પવાતાં ?
ક્યા દેશમાં થાય ઝાડ પ્રિય મુક્તાફળનાં ?
ઉપજ્યો મને વિચાર, હરે મન જેથી સકળનાં.—રસ શાસ્ત્ર.

12. ગીતિ.

The first and the third quarters contain 12 માત્ર each, while the second and the fourth 18 each.

હાસ્યજનક નાટકથી, હરી કહુડાએ અનીતિ મૂર્ખાઈ;
ફજેતા જોઈ લોકો, તજે કુવડતા બહુજ શરમાઈ.—ન. ક.

II. અક્ષરમેળ છંદો (LETTER METRES.)

1. અનુષ્ટુપ્.

Each quarter contains 8 letters. In all the four quarters the *fifth* letter is to be *short*, and the *sixth* *long*: while the *seventh* letter *alternately long* and *short*.

"ધાઓ, ધાઓ, અરેનાથ! ઉગારો અગ્નિ જ્વાળથી;"
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી.—હ. વી.

2. ઇંદ્રવજ્રા.

— — ⌣ — — ⌣ ⌣ — ⌣ — — (5, 6).
त त ज ग ग

દેખી તને આ રસતી અત્યારે, વ્યાપેજ ઉદ્વેગ મને વધારે!
વ્હાલી પ્રિયા છો: મને ઉલાસે! થા ખૂશજેથી સુખ સૌ પ્રકાશે!—શા. સ.

3. ઉપેંદ્રવજ્રા.

⌣ — ⌣ — — ⌣ ⌣ — ⌣ — — (5, 6).
ज त ज ग ग

ઉપેંદ્રવજ્રા differs from ઇંદ્રવજ્રા in having the *first* letter *short* instead of *long*.

વસન્ત માંહીં કળિ માધવીની, કલા શશીની શરદે નવીની,
દિને દિને ખીલતી તેમ બાળા અપૂર્વ કાન્તિ ધરતી રસાલા.—હ. વી.

4. ઉપજાતિ.

When quarters of ઇંદ્રવજ્રા and ઉપેંદ્રવજ્રા are mixed up together in one and the same stanza, the metre is called ઉપજાતિ. The Cæsural pause is at the fifth letter.

સંગ્રામનો સંનિધ કાળ આવે, મને મહા ઉત્સવ તુલ્ય ભાવે;
ફરી ફરીને નહિલાગ આવે, જો માત! ત્હારા મનને મનાવે.—ઈ.વ.

5. દોધક.

— ⌣ ⌣ — ⌣ ⌣ — ⌣ ⌣ — — (6, 5).

भ भ भ ग ग

દેહ અણુ સમ સૂક્ષ્મ ધરે છે, પાસ થતાં પણ ભવ્ય દિસે છે,
પાર વિના ઉપકાર થવાને, મંત્ર સમાન વદો ગિરજાને.—ઈ. વ.

6. શાલિની.

— — — — ⌣ — — ⌣ — — (4, 7).

म त त ग ग

ને આકેમે સર્વ આનંદ પામે, ગોપી જેવી કૃષ્ણને શું લડાવે;
મ્હાલે ઝાઝું સ્વર્ગ પામી શું આજે! હા હા ! કેવાં સુખ એનાં પ્રકાશે!

7. લલિત.

⌣ ⌣ ⌣ — ⌣ — — ⌣ — ⌣ — (6, 5).

न र र ल ग

નરમ દીસથી, કહિ વૃત્તિથી, સમજી વાંચશો, સૂખિયાં થશો;
અનુભવી હશો, શુધ્ધ જાણશો, વળિ વખાણશો, પાડ માનશો.—ન. ક.

8. તોટક.

⌣ ⌣ — ⌣ ⌣ — ⌣ ⌣ — ⌣ ⌣ — (3,3,3,3).

स स स स

ગિરિરાજ અને ધનરાજે તણો, અહિં ખેલ અલૌકિક આજ બન્યો;—
ગિરિજન્દઅહો! ધનરાજ અહો !મુજને તમ ખેલ વિશેજ અહો !—હ. રી

9. દ્રુતવિલંબિત.

⌣ ⌣ ⌣ — ⌣ ⌣ — ⌣ ⌣ — ⌣ — (4, 4, 4).

न भ भ र

કુદતું નાચતું નવલડું આવતું,‘અતિ મનોહર સુંદરી લાવતું,
અનુપ ગીત સુધા વરસાવતું, નૃપતિ શાન્તનુને લલચાવતું.—દ. વી.

10. મોતિદામ.

⏑ — ⏑ ⏑ — ⏑ ⏑ — ⏑ ⏑ — ⏑ (2, 3, 3, 4).
ज ज ज ज

સખી દુઃખ દેછ ઘણું મુજનેજ, બની શણગાર સજી ફરીનેજ;
નહિં પતિ પાસ મ્હને સુખકાજ, ધરૂં કયમ અંગ રૂડા નવસાજ.

11. ભુજંગપ્રયાત.

⏑ — — ⏑ — — ⏑ — — ⏑ — — (6, 6).
य य य य

અહો વૃક્ષ મેવાતણા કેટલા આ ! બહુ ભારથી ઝૂલી નીચા વળ્યા આ!
જુઓ લિંબુ લીલા પીળા ડાળડાળે, થતાં પકવ એ સ્વાદ શું રમ્ય આલે!

12. વંશસ્થ.

⏑ — ⏑ — — ⏑ ⏑ — ⏑ — ⏑ — (5, 7).
ज त ज र

ક્ષણે ક્ષણે વેલ સમાન વાધતી, નવા નવા રંગતરંગ ધારતી.—
સુલોચનાની પૂરી હોંસ પાડવા, ગૃહેશ ચાહ્યો ગૃહિણી લડાવવા.–ઈ. વ.

13. વસંતતિલકા.

— — ⏑ — ⏑ ⏑ ⏑ — ⏑ ⏑ — ⏑ — — (8, 6).
त भ ज ज ग ग

જો બાર કુંભ દિન તે થકિ માંડિ આજે
ખાલી કર્યાં ફરિભર્યાં અહિં ચંદ્રરાજે.
હા ! એટલી અવધિમાં સુખદુઃખરંગ
શા આપણે અનુભવ્યા હશે રોઇ સંગ !—કુ. મા.

14. ચામર.

— ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ —(7, 8)

र ज र ज र

Each quarter contains 15 letters, and resembles a line in English of *Trochaic Septametre with one more long syllable at the end.*

આગરેલને દુકાળથી ખરાબી થાય છે,
પેટ ના ભરી શકે ગરીબ જીવ જાય છે;
લુગડાં વિના ફરે હરી ન ઠામ બેસવા,
ધામ દામ ના મળે, શું હાલ એમના થવા ?

15. માલિની.

⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ — — — ⏑ — — ⏑ — —(8, 7).

न न म य य

શશિસમ મુખચારૂ ચિત્ત આકર્ષનારૂં,
દિલદુઃખહરનારૂં શાન્તિથી ખીલનારૂં;
વદનસ્મિત પ્રસારી હાસ્યદે સુખકારી,
કુતૂહલ નવભારી કિન્તુતે હાસ્યકારી.— કા. સ.

16. નારાચ.

⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ — ⏑ —(8, 8).

ज र ज र ज ग

This is exactly the English *Iambic Octametre.* It differs from ચામર only in having *one short syllable added at the beginning* of each quarter.

વળી જુઓ અહીં રૂડા સુપાદપો અશોકનાં,
સ્પૃશે સહુજ દામઅ દૂરે થવા સશોકનાં;
ખિલે ઘણાંજ પર્ણુ, ને કરે સદા સશોકને
અનિલ કેરી લ્હેરથી હરી પીડા અશોક એ.

17. શિખરિણી.

◡ — — — — — ◡ ◡ ◡ ◡ ◡ — — ◡ ◡ ◡ — (6,11).

य म न स भ ल ग

સુભદ્રાનો રૂડો શશિકરસમો જ્યાં કર અડ્યો,
યતિ ચોંક્યા ચિત્તે—કુમુદવનમાં મોદ પ્રસર્યો;
ખિલ્યાં અંગો, મીંચ્યાં નયન, હરખ્યાં રોમ શરીરે,
વધ્યા બ્રહ્માનંદે મગન થઈ નારાયણ હરે !—ર. શા.

18. મંદાક્રાન્તા.

— — — — ◡ ◡ ◡ ◡ ◡ — — ◡ — — ◡ — — (4,6;7).

म भ न त त ग ग

ધીમે ધીમે સરતિ નિરખી હંસની નારિ હારી,
વાયુ વાતાં ઉડતું ઉરથી લ્હેરિયું અંગ ધારી,—
જાતી પાણી, હસતિ મુખથી, જેમ લૈને રૂપાળી;
ગંગા રૂપે ગણિત ગુરૂએ કો નવોઢા નિહાળી—ર. સા.

19. પૃથ્વી.

◡ — ◡ ◡ ◡ — ◡ — ◡ ◡ ◡ — ◡ — — ◡ — (8, 9)

ज स ज स य ल ग

કુરંગ ! જળરંગ છે, જળ નહીં, તું શાને ધસે !
મરીશ રખડી, કદી ઉદક પાસના આવશે;

તડાગ ભ્રમણા ધરે હરિણુ શીદ આવી અરે ?
તહીં ઉદક ભાસ છે, ન તંવ તૃપ્ત તૃષ્ણા કરે.—કા. સ.

20. હરિણી.

⏑ ⏑ ⏑ ⏑ ⏑ — — — — — ⏑ ⏑ — ⏑ ⏑ ⏑ — —(6,4,7

ન સ મ ર સ લ ગ

અકળ રચના સર્વે ભાસે તમારી લણે તણી !
વિધવિધ રીતે લોભાવો છો પ્રસારી ક્રીડા ઘણી !
તરૂણ વયની ચંદ્રાની સો દિસો સખીઓ તમે !
નિકટ સરતાં લાજે મુગ્ધા કુમારી નહીં રમે !—કા. સ.

21. શાર્દૂલ વિક્રીડિત.

— — — ⏑ ⏑ — ⏑ — ⏑ ⏑ ⏑ — — — ⏑ — — ⏑ —(12,7)

મ સ જ સ ત ત ગ

હું ક્યાં મંદધિ, અંબુધિતું રસનો આનંદ રુપે રહો;
હું ક્યાં અજ્ઞ, પરજ્ઞદેવ તુજને સ્વજ્ઞાન રૂપે કહો;
હું ક્યાં મૂઢ વિરૂદ્ધ મોહ મમતા, નિર્લેપ તું ભૂપતિ;
પામી સ્હાય રસાદિ વર્ણન કરૂં, દે દેવ તું સન્મતિ.—ર. સા.

22. સ્રગ્ધરા.

— — — — ⏑ — — ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ — — ⏑ — — ⏑ — —(7,7,7).

મ ર ભ ન ય ય ય

આજે તુને ગિરિહે નયન નિરખતાં આત્મ સાનંદ ભારે!
જૂદી જૂદી ઋતુમાં નવિન નવિન તું વેશ વિચિત્ર ધારે,
લીલાં વસ્ત્રો સમેાેરા અધિક પીનધરે, શ્વેત ભૂરાં કદાપિ,
આજે ગિરિ! મને તેં ખચિત હૃદયમાં સુખસો શાન્તિ આપી.—કા. સ.

23. મનહર.

In this metre there is no specified system of syllabic feet. It contains 31 letters in each quarter, with the યતિ at the eighth, sixteenth, and twenty-fourth letters The *final* letter in each quarter must be *long*. The three *medial rhymes* (યતિપ્રાસ) increase the charm of the metre.

તપખીર સુંઘે જન, જુઓ તેનું કેવું તન,
જાણે ધૂળનું જ વન, બહુ દુઃખકાર છે;
લૂગડાં સદાય મેલાં, હાલ બહુ દિસે ઘેલા,
નાકમાંથી ચાલે રેલા, ગંધનું અગાર છે;
કદીએ ભૂલાય નહીં, આઘી પાછી થાય નહીં,
સદા સાથ રહે સહી, ખાલી ખોટો ભાર છે;
વ્યસનીને વળગી તે, કદી નવ અળગી તે,
સાથ મરતાં લગી તે, એવી બૂરી નાર છે.

24. વૈતાલીય.

This metre and the following differ from all other metres in having their *odd and even quarters arranged according to two different systems* of syllabic feet. The *first* and the *third* follow *one* system, while the *second* and the *fourth* follow *another*

⏑ ⏑ — ⏑ ⏑ — ⏑ — ⏑ — (3, 7).
⏑ ⏑ — — ⏑ ⏑ — ⏑ — ⏑ — (4, 7).
स स ज ग (odd quarter)
स भ र ल ग (even quarter)

કરમાં કર આંખ આંખમાં, હૃદયે અંતર અંગ અંગમાં;
મનમાં મન મેળવી હવે, કર દીધે પતિ કેમ પાલવે ?— ઇ. વ.

25. પુષ્પિતાગ્રા.

⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ — ⏑ — ⏑ — — (9, 3).
⏑ ⏑ ⏑ ⏑ — ⏑ ⏑ — ⏑ — ⏑ — — (5, 8).
न न र य (odd quarter)
न ज ज र ग (even „)

સુવતિ જન દુંવે અમૂલ્ય ગાય, ઘરઘર નૌતમ ગાન તાન થાય;
સરર સરર શબ્દ રાગ પૂરે, વલય--સતાર ચઢે અપૂર્વ સૂરે—ઇં. ૬

CHAPTER X.

FIGURES OF SPEECH—અલંકાર.

367. અલંકાર primarily means *an ornament.* In literary compositions અલંકાર is to style what an ornament is to the body. It corresponds to an English *Figure of Speech*, which has been defined as 'A deviation from the plain and ordinary mode of speaking with a view to greater effect.'

368. અલંકાર are either શબ્દાલંકાર—*Figures of Words*, or અર્થાલંકાર—*Figures of Sense.*

શબ્દાલંકાર consists in turning or twisting words from their original meaning, so that *if the words be altered the figure is destroyed*: while,

અર્થાલંકાર consists in the sense and signification of words, so that *if the words be changed* by the substitution of synonymous words, *the figure is not destroyed*

The English Figures of Speech have been classified on the basis of the three operations of the intellect or understanding that they have reference to: viz., *Similarity* or the feeling of agreement, *Contrast* or the feeling of difference, and *Association.*

369. અલંકાર in Gujarati are reducible on a similar basis to *four* following groups:—

(1) Figures based on *Similarity.*
(2) Figures based on *Contrast.*
(3) Figures based on *Association.*
(4) Figures based on *Arrangement.*

370. The classification of the અલંકાર usually met with in Gujarati Literature may be tabulated under these four groups as under:—

અલંકાર

(based on)

Similarity	*Contrast*	*Association*	*Arrangment*
ઉપમા	વિરોધ	અજહલ્લક્ષણા	અનુક્રમ
(*a*) અનન્વય	વિરોધાભાસ	જહલ્લક્ષણા	(*a*) સમુચ્ચય
(*b*) ઉપમેયોપમા	અતિશયોક્તિ	ઉપલક્ષણા	(*b*) સાર
(*c*) પ્રતીપ	વ્યાજસ્તુતિ		(*c*) કારણમાલા
(*d*) દૃષ્ટાંત	or		શબ્દાલંકાર
(*e*) નિદર્શના	અન્યોક્તિ		(*a*) અંત્યાનુપ્રાસ
(*f*) વ્યતિરેક	કાકુસ્વર		(*b*) છેકાનુપ્રાસ
રૂપક	or		(*c*) યમક
(*a*) ઉત્પ્રેક્ષારૂપક	પૃચ્છા		(*d*) લાટાનુપ્રાસ
(*b*) દૃષ્ટાંતરૂપક			(*e*) ચોક
(*c*) સઞ્ચારોપણુ			(*f*) સિંહાવલોકન

(*d*) અપહ્નુતિ
(*e*) સમાસોક્તિ
(*f*) સંબોધન
(*g*) સ્વપ્ન
(*g*) શ્લેષ
(*h*) ચૂડોત્તર
(*i*) એકાનેકોત્તર
(*j*) અંતર્લાપિકા
(*k*) બહિર્લાપિકા

I. *Figures based on Similarity.*

ઉપમા—SIMILE.

371. ઉપમા expresses the resemblance in some particular between two objects of different kinds or species, but having some similarity in the quality to which the reader's attention is particularly directed, the resemblance or similarity being generally expressed by words like જેમ, તેમ, જેવું, તેવું, પ્રમાણે, પેઠે, પેરે, સમ, સરખું, તુલ્ય, જે રીતે, જે આદિક, &c. &c.

મૂરખ તું સમજે નહિ, આયુષ ઓછું થાય,
જેમ સરોવરની માછલી, સમજે નહિ સલિલ સુકાય —(દયા) †

†In this chapter the illustrations are chiefly taken from the following:—

દયા.—દયારામ	ન. ગ.—નર્મગદ્ય
ગિર.—ગિરધર	ન. ક—નર્મકવિતા
નર.—નરસિંહ મહેતા	અલં. પ્ર.—અલંકાર પ્રવેશ
પ્રેમા.—પ્રેમાનંદ	કુસુ.—કુસુમાવળી
સામ.—સામળભટ	નળા.—નળાખ્યાન
ધીરો—ધીરો ભગત	આખા—આખાહરણ
હરણ.—હરણપેલો	સર.—સરસ્વતીચંદ્ર

તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંદલો હતો તે બરફના મેદાન ઉપર લોહીનાં ટપકાં જેવો દેખાતો હતો.—(કરણ.)

For a complete ઉપમા, *four* things are necessary: 1. the object of comparison (ઉપમેય), 2. the standard of comparison (ઉપમાન), 3. the common attribute (સાધારણ ધર્મ), and 4. the *word expressing comparison* (ઉપમા વાચક શબ્દ). *When all these* four are expressed, it is પૂર્ણોપમા. As, **આ સરોવરનું પાણી અમૃત સરખું મીઠું છે.** Here, પાણી is the ઉપમેય, અમૃત is the ઉપમાન, મીઠાશ is the સાધારણ ધર્મ, and સરખું is the ઉપમાવાચક શબ્દ. But if one or more of the four be unexpressed, the figure is termed લુપ્તોપમા: as,

ચાંદી જેવી જિવ્હા, મોતી જેવા દાંત, અને પ્રવાળ જેવા ઓષ્ઠથી નીકળતા તેના શબ્દોએ સભા મંડળની સર્વ ઇંદ્રિઓને સ્તબ્ધ બનાવી દીધી.—(કુસુ.)

Here, the સાધારણ ધર્મ is unexpressed in all the three ઉપમા.

અનન્વય—SELF-COMPARISON.

372. When one thing is compared to itself for want of a better standard of comparison, the figure is અનન્વય. *Here the ઉપમેય itself is the ઉપમાન.*

અહો માતાનું હેત ! તેની અપૂર્વતા! તેની અલૌકિકતા ! તેની નિર્મળતા! તેની પૂર્ણતા ! તેની દિવ્યતા ! સર્વથા, **માતા તે માતાજ** છે.—(કુસુ.)

એવી ખૂબસૂરતીનો મોહ કોણ અટકાવી શકે? **માણસ તો માણસજ.**

ઉપમેયોપમા—RECIPROCAL COMPARISON.

373. When two objects are reciprocally compared with *one another, it is* **ઉપમેયોપમા.** The ઉપમાન *and*

he ઉપમેય of the first comparison become respective-
y the ઉપમેય and the ઉપમાન of the second comparison.

બીજ તેવું ફળ ને ફળ તેવું બીજ.—(અલં. પ્ર.)
લક્ષ્મી તેવી બુદ્ધિ અને બુદ્ધિ તેવી લક્ષ્મી.—(અલં. પ્ર.)

પ્રતીપ—THE CONVERSE.

374. When the common ordinary form of ઉપમા is inverted, it becomes **પ્રતીપ.** In this figure, the usual standard of comparison—ઉપમાન—is made the ઉપમેય, and the object of comparison—ઉપમેય—is treated as the ઉપમાન.

જેના રૂપ થકી રતિ લાજે, ઉપમા નથી એને કાજે.—(ગિર.)
બાળક સુતાનું વદન સુધાકર દેખીને શોભાય,
ચંદ્રમા તો ક્ષીણ પામી આભમાં સંતાય.—(નર્મ.)

દૃષ્ટાંત—EXEMPLIFICATION.

375. When two statements bear out a comparison, one of them serving to illustrate the other, it is called **દૃષ્ટાંત.**

પંડિત આગળ મૂઢ, હંસ આગળ જ્યમ બગ્ગા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રાંકા;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટાંકા.—(શામ.)
પ્રીત થવી તો સ્હેલ છે, નિભાવવી નહીં સ્હેલ,
પીતાં કેફ પડે મઝા, જીરવતાં મુશ્કેલ.—(ન. ક.)

તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંલ્લો હતો તે બરફના મેદાન ઉપર લોહીનાં ટપકાં જેવો દેખાતો હતો.—(કરણ.)

For a complete ઉપમા, *four* things are necessary: 1. the object of comparison (ઉપમેય), 2. the standard of comparison (ઉપમાન), 3. the common attribute (સાધારણ ધર્મ), and 4. the word expressing comparison (ઉપમાવાચક શબ્દ). When all these four are expressed, it is પૂર્ણોપમા. As, આ સરોવરનું પાણી અમૃત સરખું મીઠું છે. Here, પાણી is the ઉપમેય, અમૃત is the ઉપમાન, મીઠાશ is the સાધારણ ધર્મ, and સરખું is the ઉપમાવાચક શબ્દ. But if one or more of the four be unexpressed, the figure is termed લુપ્તોપમા: as,

ચાંદી જેવી જિહ્વા, મોતી જેવા દાંત, અને પ્રવાળ જેવા ઓષ્ઠથી નીકળતા તેના શબ્દોએ સભા મંડળની સર્વ ઇંદ્રિઓને સ્તબ્ધ બનાવી દીધી.—(કુસુ.)

Here, the સાધારણ ધર્મ is unexpressed in all the three ઉપમા.

અનન્વય—SELF-COMPARISON.

372. When one thing is compared to itself for want of a better standard of comparison, the figure is અનન્વય. Here the ઉપમેય itself is the ઉપમાન.

અહો માતાનું હેત! તેની અપૂર્વતા! તેની અલૌકિકતા! તેની નિર્મળતા! તેની પૂર્ણતા! તેની દિવ્યતા! સર્વથા, માતા તે માતાજ છે.—(કુસુ.)

એવી ખૂબસૂરતીનો મોહ કોણ અટકાવી શકે? માણસ તો માણસજ.

ઉપમેયોપમા—RECIPROCAL COMPARISON.

373. When two objects are reciprocally compared with one another, it is ઉપમેયોપમા. The ઉપમાન and

the ઉપમેય of the first comparison become respectively the ઉપમેય and the ઉપમાન of the second comparison.

બીજ તેવું ફળ ને ફળ તેવું બીજ.—(અલં. પ્ર.)
લક્ષ્મી તેવી બુદ્ધિ અને બુદ્ધિ તેવી લક્ષ્મી.—(અલં. પ્ર.)

પ્રતીપ—THE CONVERSE.

374. When the common ordinary form of ઉપમા is inverted, it becomes પ્રતીપ. In this figure, the usual standard of comparison—ઉપમાન—is made the ઉપમેય, and the object of comparison—ઉપમેય—is treated as the ઉપમાન.

જેના રૂપ થકી રતિ લાજે, ઉપમા નથી એને કાજે.—(ગિર.)
બામક સુતાનું વદન સુધાકર દેખીને શોભાય,
ચંદ્રમા તો ક્ષીણ પામી આભમાં સંતાય —(નળા.)

દૃષ્ટાંત—EXEMPLIFICATION.

375. When two statements bear out a comparison, one of them serving to illustrate the other, it is called દૃષ્ટાંત.

પંડિત આગળ મૂઢ, હંસ આગળ જ્યમ બગલા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કાગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રાંકા;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટાંકા.—(સામ.)
પ્રીત થવી તો સ્હેલ છે, નિભાવવી નહીં સ્હેલ,
પીતાં કેફ પડે મઝો, જીરવતાં મુશ્કેલ.—(ન. ક.)

નિદર્શના—ILLUSTRATION.

376. When two statements, which obviously seem to have hardly any connection whatsoever between them, imply a comparison, and admit of being very tersely expressed, the figure is **નિદર્શના.**

નાનપણે ધરધંધે ધાયો, વૃધ્ધપણે હરિગુણ ગાય,
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, અગ્નિ એ કેમ હોલાય -(ધીરો)
પ્રીત કરીને પછી વછોડવું ને દઝાડીને લૂણલગાડવુ એ બરાબર છે.

વ્યતિરેક—EXCELLENCE.

377. When the ઉપમેય is described as possessing some rare excellence, and is thus placed even above the ઉપમાન, it is વ્યતિરેક.

સ્રીનું મુખ કમળ સરખું છે, પણ **મધુરવાણી** એટલું વિશેષ છે.
અલક્તક ને **ફીકાપાડનાર** તેના પાદપંકજ હતા, કમળને **સંકોચદેનાર** તેની હાથેલીઓજ હતી, પ્રવાળને **સાંધોકરનાર** તેનો અધરોષ્ઠ હતો—
(કુસુ.)

રૂપક—METAPHOR.

378. When the ઉપમાન and the ઉપમેય, on account of their very close resemblance, are taken to be identical, and described as such, the અલંકાર is **રૂપક.**

આશા ઉંડી ખાડ, પ્હાડથી થાય ન પૂરી;
હેમ મેરૂ સમ હોય, તોય પણ રહે અધૂરી;
આશા નીર અથાગ, બહુ જન તેમાં બૂડયા—(સામ.)

સ્નેહ સિંધુએ મર્યાદા મૂકી આ **કુલજારૂપી ધરાને** તેના ઉપર રેલ ચડાવી તેમાં ડુબાવી.—(કુસુ.)

Many appositional compounds (*Vide* Art. 264) like સુખચંદ્ર, સંસારસાગર, વિરહાગ્નિ, કાયાવાડી, ચરણકમળ, મુખારવિંદ, &c. &c. are examples of રૂપક.

This અલંકાર is also recognised by the introduction of words like રૂપ, રૂપી, બીજો—જી—જું: *e. g.* **અજ્ઞાનરૂપી તમ** નાશકર્તા, આ ગવૈયો તો **બીજો તાનસેન છે, આંખોરૂપી વાવડીઓજ** ખાલી &c.

ઉત્પ્રેક્ષા રૂપક—POETICAL PROBABILITY

379. When the identity between the ઉપમાન and the ઉપમેય is simply apprehended as probable, and not taken for granted as in રૂપક, it is **ઉત્પ્રેક્ષા**. It is generally expressed by words like ધારૂ, લાગે, જાણે, જણાય, દીસે, શું, &c.

શકે સર્વસ લૂટી લીધું નથી, એવે રૂપે ધાયાં જસોમતી.-(પ્રેમા.)
નખમણિગણ ચળકે અનુપ, **વિધુ સેવે જાણે** મરીરૂપ.—(ગિર.)
કુરંગમીનની ચપળતા, **શું ખંજન જળે પડિયાં.**—(પ્રેમા.)

This ઉત્પ્રેક્ષા is of two kinds.—(1)**વસ્તૂત્પ્રેક્ષા**—where the objects or the common attributes are apprehended as probable; and (2) **હેતૂત્પ્રેક્ષા**—in which the action is attributed to some incongruous motive, which is taken to be probable.

The examples given above are illustrations of વસ્તૂત્પ્રેક્ષા. હેતૂત્પ્રેક્ષા is seen in the following passages:—

જટાની શોભાથી અતિશ શરમાઈ શિવ ઉઠયા,
જટાને સંકેલી વડતળે ગિરિએ જઈ રહ્યા.—(ન. ક.)

પાતાળમાં લેઈ પદમનીને, વસિયા વરૂણ તે ભૂપ,
રેવાહાને સાચવવા વન્હિએ, ધર્યાં અડતાળીશ રૂપ;
ચંદ્રને સૂરજ નાઠા ફરે છે, રખે વરતી નારી,
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી.—(નળા.)

દૃષ્ટાંતરૂપક—ALLEGORY.

380. When the principal object of description is described by another object, resembling it in all its essential properties and circumstances, the figure is **દૃષ્ટાંતરૂપક.** *The principal object is not at all mentioned*, but is wholly kept out of view, and it is left to the reader to find out the primary object by its resemblance to the secondary object, which is talked of throughout.

The figure is used generally *to impart sound moral instructions.* It is also called અપ્રસ્તુતપ્રશંસા or અન્યોક્તિ.

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.
સિંહણ કેરૂં દૂધ હોય તે, સિંહણ સુતને જરે;
કનકપાત્ર પાખે સૌ ધાતુ, ફોડીને નીસરે.—પ્રેમ.
સકરખોરનું સાકર જીવન, ખરનાં પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલું જ્યમ મીઠા જળમાં મરે.—પ્રેમ,—(દયા.)

The poet in so many words means to say that those *only, who have natural gifts for particular objects*, can appreciate or find taste in them.

An excellent illustration of a beautiful and well-

sustained allegory is found in કરણઘેલો, pages 100–102 (વળી આ સંસાર એક મોટો વિકટ સાગર છે—એ પ્રમાણેનો સંસાર છે).

સજીવારોપણ—PERSONIFICATION.

381. સજીવારોપણ consists in attributing life and mind to inanimate objects, and speaking of them as if they were animate.

સૂર્ય દેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફના વાદળામાં ઈંદ્રરાજાએ ઘણા ભપકાદાર રંગના સાથિયા પૂર્યા. તળાવોમાં કમળના ફૂલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મ્હોડાં પૂર્વ તરફ ફેરવ્યાં. પોતાની પ્રિયાને ખીલેલી જોઈ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા.—(કરણ.)

અપહ્નુતિ—CONCEALMENT.

382. This figure occures under different circumstances, of which the following are important—

(a) When the object under description, *i. e.* the ઉપમેય, is denied, and is described as something else, quite similar to it, *i. e.* the ઉપમાન, it is અપહ્નુતિ.

આ **આકાશમંડળ** નથી, પણ એક **સાગર** છે. આ **તારાઓ** નથી, પણ **સાગરના ફીણની હાર** છે. (અલં. પ્ર.)

(b) When the object under description is denied with plausible reasons under various characters, it is also અપહ્નુતિ.

કોઈ વિરહિણી કહે છે—આકાશમાં જે ગોળ ચળકતો દેખાય છે તેને ચંદ્ર કહિયે, તો ચંદ્રે ઠંડક કરવી જોઇએ તે નથી કરતો ને ઉલટું વધારે દુઃખકરેછે માટે તે ચંદ્ર નથી. વારૂ, વધારે તપાવે છે એમ કહીએ તો તે સૂર્ય કહેવો જોઇએ, પણ રાત છે એટલે સૂર્ય શેનો હોય, માટે એ સૂર્ય પણ નથી—ને ચંદ્ર પણ નથી. એ તોસમુદ્રમાંથી **નીકળેલો વડવાગ્નિ** આકાશમાં જઇને રહ્યો છે.—(અલં. પ્ર.).

(c) When two persons are talking together about some private object, and suspecting that some unconcerned person has heard the conversation, the object under description is denied by the superimposition of the character of some other similar object, the figure is **અપહ્નુતિ.**

આખી રાત છાતી પર રાખ્યો, રસકસ તોમેં ખૂબજ ચાખ્યો;
બ્હાણે તો ઉતારી નાંખ્યો, સખિ **સજ્જન** નહિ હારજ ભાખ્યો. –
The last is also called છેકાપહ્નુતિ. [(અલં. પ્ર.)

સમાસોક્તિ—A SPEECH OF BREVITY.

383. When the description of the object in hand also indirectly applies to something else, which is not the subject of description, the figure is **સમાસોક્તિ.** Thus, in this figure, the indirect object of description is suggested by the direct one, and it, therefore, differs from દૃષ્ટાંતરૂપક, where the direct object is suggested by the description of the indirect object.

જો નદી નિરમળી નીલ અંબર સજી ગંભિરાઇ ધરી બ્હાર નેરે;
ચોરીથી દોડતી વાટ ઢુંકી શોધતી સંગ સખી લેઈ સિંધુસું ભેરે.--(ન. ક.)

The description of the *river* indirectly applies also to a *woman of loose character.*

સંબોધન—APOSTROPHE.

384. When some absent person or thing, or a lifeless object personified is made the subject of an address, the figure is called **સંબોધન.**

વખત, તું કેટલો ફીનાખોર ને કેવો ઘાતકી છે ?!........અરેરે ! ખીલેલા કમળ સરખું તે કિલ્લાનું મેદાન, આરસ જેવા ઓપતા તે ઓવારા, માણેકના ચોક જેવી તે મુગલી સરાહ ને નંગમાળ જેવું તે નાણાવટ. ચાંદ જેવું તે ચૌટું, રસે રાતો કસુંબા જેવો તે રહિયા સોનીનો ચકલો, બામદાદના રંગ જેવી તે બરહાનપુરી ભાગળ ને ગોકુળ જેવું તે ગોપીપરું ક્યાં ક્યાં ઉડી ગયાં ?! અરે ઓ પ્યારી સુરત, હવ તો અમારે નશીબે તારાં ખંડિયેર ઉપર પડતાં તીન તડકાના અધ્ધર તરતા તેજને ઉદાસીન મ્હોડે બેઠાં બેઠાં જોયા કરવાનુંજ રહ્યું છે ! અફસોસ ! (ન. ગ.)

સ્વપ્ન—VISION.

385. **સ્વપ્ન** is not exactly the English figure *Vision* but is a species of *Apostrophe*, in which the poet breaks off in the middle of his narrative, and makes the object of his narration take up the thread and continue it.

જોઈ સ્વરૂપ સુઘડતા શ્રીકૃષ્ણની, મોહ પામ્યું સહુ રે;
આતો વર છે શ્રી રૂકિમણી જોગ, જોડું શોભે બહુ રે.—(દયા.)

કો અધસરતા કો પૂરા, એમ સૈન્ય કીધું ચકચૂરા;
તેરણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે.

મેં તો આવડું ન્હોતું જાણ્યું, ચિત્તલેહાએ રત્નજ આણ્યું;
શોણિતસ્પર્શી થયો છે દીસે, નાથ રણરૂધિરમાં ઝીલે.

II. *Figures based on Contrast.*

વિરોધ-ANTITHESIS.

386. When two objects or sentiments, which are oppo-ed to one another, are contrasted together, the figure is called વિરોધ. It consists in describing things together, though in the nature of things, they ought not so to exist.

એને ટોપ કવચ બખતર, તમારે અંગે પીતાંબર;
એ મદોન્મત્ત બહુ બળિયા, તમે સકોમળ પાતાળિયા.—(ઓખા.)

આ સમયે આ પુરીમાં..............પ્રતિષ્ઠા દ્યુતકારની હતી, માન અભિસારિકાઓનાં હતાં, જોર ચોરનું હતું, ચલણ આલસણનું હતું, મઠ શઠના હતા, ભજન વ્યસનનું હતું, અને વજન દુર્જનનું હતું.—(કુસુ.)

વિરોધાભાસ—EPIGRAM.

387. વિરોધાભાસ is, as its very name implies, a mere semblance of વિરોધ. There appears simply an inconsistency, but it disappears when the sense is properly understood. The figure expresses a real sequence under an apparent contradiction so as to create on agreeable surprise.

સુણી હરખ પામ્યા રાજન, વળી શોકાતુર થયું મન;
રામરૂપ જોઈ થયું સુખ, પણ સંભારી પામ્યા દુઃખ.--(ગિર)

જે સુશીલ પુરૂષ છે, જેને પોતાનું પારકું નથી, તેને અગ્નિ જળરૂપ, વિષ અમૃત જેવું, સમુદ્ર નદીનાળાં સરખો, અને સાપ માળા સરખો થાય છે.—(અલં. પ્ર.)

અતિશયોક્તિ—HYPERBOLE.

388. અતિશયોક્તિ consists in representing things as much greater or much smaller than they really are.

ક્ષમાઝની સૃષ્ટિમાં કો ન મળે જાચકરૂપ;
નળને દાને દારિદ્ર છેદ્યાં, ભિક્ષુક કીધા ભૂપ.—(નળા.)
મ્હોટા વનોમાં ધુળકોટ થાય, પંખી પશુઓ ઘસડાઇ જાય;
સમુદ્ર મોજાં ગગને ન્હડાવે.......................—(ન. ક.)

વ્યાજસ્તુતિ—IRONY.

389. વ્યાજસ્તુતિ expresses the contrary of what is really meant, there being generally something in the tone or manner to show what is really meant. A satire may be disguised in the form of a compliment, or a compliment in the form of a satire.

ડાંપણમાં તુજ નહીં મણા, માણે મ્હોટી મોજ,
વાહવા ભાઈ વાહવા તને, અબળા મારે રોજ.—(અલં. પ્ર.)

ઓ પ્રભુ, કેવો ત્હારો અવિચાર કે પાપીઓને પણ મોક્ષ આપે છે.(અલં.પ્ર.)

કાકુસ્વર or પૃચ્છા—INTERROGATION.

390. પૃચ્છા is a figure in which the speaker adopts the form of interrogation, not to express a doubt,

but, in general, confidently to assert the reverse of what is asked.

> જો કિન્નર જક્ષને રાક્ષસો, દેવ ગાંધર્વ ને દાનવી,
> મઘવાદિક પણ મોતે મરે, કોણ આત્રમાં માનવી?—(સામળ.)
> તેના દુઃખ આગળ યુધિષ્ઠિર, ત્હારૂં દુઃખ કોણ માત્ર?. (નળા.)

III. *Figures based on Association.*

અજહલ્લક્ષણા— જહલ્લક્ષણા—METONYMY.

391. *When the principal evident sense of a word* is restricted, and we are required to understand some other meaning of it, closely allied to the principal one, the figure is called લક્ષણા. For example, in સુરત ઘણું લહેરી શેહેર છે, we are to understand by સુરત, the *people* of સુરત, and not the city itself.

392. This લક્ષણા has *two* chief important divisions.

(a) When we understand some other sense closely allied to the principal one, even when the latter resides in the sentence, it is called અજહલ્લક્ષણા.

> તે ગામ લુટાયું ત્યારે પચ્ચીશ કામઠી હતી (=કામઠીવાળા ભીલો)
> આજ ખેતરમાં કેટલી દાતરડી હતી? (=દાતરડીવાળા મજૂરો).

(b) When we completely disregard the principal sense, and only apprehend some other closely allied to the principal, it is called જહલ્લક્ષણા.

> ગાણું તે હિંદુસ્તાનીજ (=ભાષાનું and not દેશનું).
> ગંગા પરનાં ઝૂંપડાં (=the *bank* of the river and not its watery course).

393. This *metonymy* also occurs in these cases:—

(a) When the *cause* is put for the *effect*: as, ચૈતર વૈશાખમાં સૂર્યનાં કીર્ણો બહુ સખત હોય છે.

(b) When the *effect* is put for the *cause*: as, તેને હવે **પળિયાં** આવ્યાં છે.

(c) When the *container* is put for the thing *contained*. as, મેં આજ બે **લોટા** પીધા.

(d) When a *quality* is put for the *possessor* of that quality: as ઓ મોહી **ખુબસુરતી,** તું મ્હારી સામે જરા જો.

(e) When the *author* is put for his *works*: as, હાલમાં હું **પ્રેમાનંદ** અને **સામળ** વાંચું છું.

(f) When the *epithets* are *transferred*: as, તેણે **જબરો** ઘા કર્યો. તેણે પોતાની **ખુની આંખ** મારી તરફ કીધી. તેણે પોતાની **ધ્રુજતી તરવારે** પણ એકઘા કર્યો.

ઉપલક્ષણા—SYNECDOCHE.

394. **ઉપલક્ષણા** is also a species of લક્ષણા, in which a *part* is put for the *whole*, an *individual* for the *class*, the *class* for the *individual*, or the *particular* for the *general*.

તેને કક્કો કહાડતાં પણ આવડતો નથી. હાલમાં એ તો એક રાજ્તકરણ છે. **બ્રાહ્મણની** જાત બહુ લોભી હોય છે. હમે તમારૂં લૂણ ખાધું છે તે શું ભુલી જઈશું ?

IV. *Figures based on Arrangement.*

અનુક્રમ—CLIMAX.

395. **અનુક્રમ** rises by regular steps from one circumstance to another in such a way that each succeeding expression becomes stronger and stronger than the preceding one.

કુમુદસુંદરીમાં ઈશ્વરે કુલીનતા **વાવી હતી,** મા બાપે **ઉછેરી હતી,** વિદ્યાએ **ફળફૂલવાળી કરી હતી.**—(સર.)

396. The following are the *three* species of અનુક્રમ:

(a) When several *states* or *actions* are possible at one and the same time, it is called **સમુચ્ચય:** as,

તારું મોટું નશીબ કે આવી સ્ત્રી તને મળી—એક **તો પૈસાદાર, વળી ઉંચ કુળની,** વળી **રૂપે રંભા સરખી,** વળી **ભણેલી,** વળી **ડાહી,** અને વળી **રસિક.**—(અલં. પ્ર.)

તે સમયે માત્ર બુધ્ધિધન એકલો **જાગતો હતો, જોતો હતો, સાંભળતો હતો, વિચારતો હતો** અને નવા ખેલ **રચતો હતો.**—(સર.)

(b) When the *sense* rises in succession, it is called **સાર:** as,

કડવું ઝેર, વધારે **કડવી** હિતકર શિક્ષા, **સૌથી કડવી** દુર્જન વાણી.

(c) When there is a *succession of cause and effect*, it is called **કારણમાલા:** as,

લોભથી ક્રોધ થયો, ક્રોધથી વિવેક ગયો, તેથી મોહ વધ્યો અને અંતે સ્ત્રી હત્યામાં સર્વ પર્યવસિત થયાં.—(કુસ.)

FIGURES OF WORDS (શબ્દાલંકાર).

397. Gujarati poetry has always been composed in *rhyming* verses. Unlike its mother language Sanskrit, *blank* verse is altogether foreign to it, though only of late some have tried to introduce it with doubtful success. Consequently, Gujarati poetry has a good deal to depend for its charm and beauty and attractiveness upon an excellent *arrangement* of syllables with a consonance or similarity of sound in them, thus producing a few *figures of words as regards rhymes.*

These figures are chiefly the following:—

398. અંત્યાનુપ્રાસ—*Terminal Rhyme*—the resemblance of sound in the last syllable or syllables of two successive quarters: as,

બાઝો છો શું નિરલજ્જ બની, શામળા ! માન રાખો;
રસ્તો ઘેરો, પણ નથિ કંઈ આપનો માલ આખો !

This is also called **પ્રાસાનુપ્રાસ.** The essentials of this figure are that the final vowel-sounds should be similar, the consonants following the vowels must be the same, and the consonants preceding them must be different: as, બાન—પાન, માર—ધાર, રાખો—ભાખો. There might be *double* rhymes, as, રાખો—ભાખો, ચાળો—કાળો; or *triple* rhymes, as, કરમે—શરમે, મારક—તારક. All these heighten the beauty of the verse.

Like the *middle rhyme* in English, there is in Gujarati

what is called **પાદપ્રાસ** or **યતિપ્રાસ**—a consonance of sounds in the middle of a ચરણ: as,

સદ્ગુ કાળ **માપે** વિણ **માપે**, શુદ્ધ **આપે** માપને;
તત્ર **શાણીવાણી** જગ **પ્રમાણી ને વખાણી** જગ જને !
તપખીર સુંઘે **જન**, જૂઓ તેનું કેવું **તન**,
જાણે ધૂળનું જ **વન**, બહુ દુઃખકાર છે.

399. છેકાનુપ્રાસ-ઝડ-*Sectional Rhyme*—the recurrence of similar sounds or rhyming words in one and the same ચરણ: as,

તારી છે પોતાની તેની **યારી** તેં ન **ધારી** ચિત્ત,
યારી તેં **વિચારી** પરભારી કેરી **નારીની.**

400. યમક or ઝમક —the recurrence of the same word in a ચરણ or a couplet: as,

ઊનું પાણી નાહતાં પીતાંજ ઊનું દૂધને,
ઊની ચાહ **ઊની** કારી ઊનું ખાતું ભોજને.—(ન. ક.)
આ કળી જે અને કેવી, આજ નીરજની પ્રિયા; [તા.૧૨-૩-૯૯)
આકળી જોબને કેવી, આજની રજની પ્રિયા.—(શુજરાતી,

401. લાટાનુપ્રાસ-વૃત્યનુપ્રાસ-વર્ણસગાઈ—*Initial Rhyme* or *Alliteration proper*—the repetition of the same initial letter in several words coming in close succession: as,

વિદ્યા વિનોદ વિભુ વલ્લભતા વધારો,
વેશ્યા વિલાસ વિખવાદ વૃથા વિસારો;
વેગે વળી વિફલ વૈર વિકાર વાળો,
વીર વૃત્તે વિનયથી વધવા વિચારો.—(સુ. લ.)

402. ચોક-When two ચરણ have પાદપ્રાસ as well as અંત્યાનુપ્રાસ, they form a ચોક—*Quatrain*: as,

સિંહણ ભૂખથી જો મરે, તોય ઘાસ નવ ખાય;
પતિવ્રતા મદને મરે, પર પાસે નવ જાય.—(ન. ક)

403. સિંહાવલોકન (*Looking backward of a lion*)—When the last syllables of a ચરણ are repeated in the beginning of the next following ચરણ by way of યમક: as,

જોતી તૂને હું રોજે રસિક મધુરીરે આજ કાંતું **ઉદાસી,**
દાસી કીધી ધણીએ નથી વહુ દણીરે ભારી હું છું **નિરાસી;**
રાસી એવી નહીં તું સરસ રૂપ ગુણે એવી કોઈ **પનોતી,**
નોતી ખોટી હું મોટી સજની લઈ લિયે સારૂં જો દિવ્ય **જોતિ**—(ન.ક.)

Besides these figures of words with respect to rhymes, there are many other figures of words, the usual and important of which are—

404. શ્લેષ—*Pun* or *Paronomasia*—playing upon one and the same word in its different senses: as,

હવે ઊડી ચાલું **શિખરિણી** તજીને ધરભણી.—(કા. સ.)
સ્તવું હાલ પસ્તાઈ હું રંક પાપી,
મહાસુખ ને શાન્તિ દે કષ્ટ કાપી.—(કા. સ.)

405. ગૂઢોત્તર—ગોપ્યોત્તર—ચિત્ર—When the answer is found in the very same syllables that form the question: as,

રસના સ્વાદ પામીને વર્તે છે કોણ ગર્વથી?
માનવી સર્વ જીવોમાં જાતશી શ્રેષ્ઠ સર્વથી?
કામના ક્લેશ પામ્યાનું મૂળ શું વિશ્વમાં હશે?

અંગના સંગથી કોણ રાઙ્ક હૃદયમાં થશે?—(ગુજરાતી, તા.૫-૨-૯૯)

406. એકાનેકોત્તર—Where simply one answer gives solutions of many questions: as,

પાન સડે, ઘોડા અડે, બિદ્યા બીસર જાય,
ચૂલેપર રોટી જલે, ચેલા કવન ઉપાય?—ઉત્તર—ફિનફીરે.

407. અંતર્લાપિકા and બહિર્લાપિકા or બાહ્યલાપિકા—When in a poem the letters have been so arranged that they yield something altogether of a different sense from the subject treated, either by taking letters at the beginning or in the middle: as,

સરવદાનમાં શ્રેષ્ઠ, નરનું ભૂષણ હોએ,
રસ વિલાસ સુખદાઈ, રમત શી સુંદર સોએ;
માન થકી નહીં ગર્વ, મણિ મોંઘું બહુ સાચું,
થિર સહુ સંકટમાં. દાનું કામ નવ કાચું:
ઉરમાં સંતોષી સદા તે, શંકા નહીં કંઈ જનરે,
સાસ તે માન પામે ઘણું, કર વિદ્યામાં મનરે.—(ન. ક.)

Here we have સર માથિઉસાસ by બહિર્લાપિકા, and નરમદાશંકર by અંતર્લાપિકા.

N. B.—When the two figures are thus combined together in one and the same poem, the figure is often called બાહ્યાંતર્લાપિકા.

CHAPTER XI.

PROVERBS—કહેવતો.

408.—

અક્કરમીનો દડીઓ કાણો—When sorrows come, they come not single spies, but in battalions.

અટાઉ (ઠગાઇ)નો માલ બટાઉ (વટાવ)માં જાય—Cheating play never thrives.

અણી ચૂક્યો સો વરસ જીવે—Threatened folks live long.

અતિશય લોભ તે પાપનું મૂળ—Avarice is the root of all evils. Much wants more, and loses all.

અધૂરો ઘડો છલકાય—Empty vessels make most sound.

અન્ન તેનું પુણ્ય, રાંધનારને ધૂમાડો—It is the master, and not the steward who becomes generous at his master's expense, that deserves the blessings of the poor.

અર્ધ સર્યા પછી વૈદ વેરી—When the cow is old, she is soon sold.

અંધારાની ખાધી એ—Ignorance augments our evils.

અંધારી રાત્રે મગ કાળા—When candles are out, all cats are gray.

આખો લાડવો સામટો ન ખવાય—Rome was not built in a day.

આગ લાગે ત્યારે કુવો ખોદવા જવું—To shut the stable-door when the steed is stolen.

આજનું કામ કાલ પર ન રાખવું—Delay is dangerous. Procrastination is the thief of time.

આડી રાત તેની ફરવી શી વાત—There's many a slip betwixt the cup and the lip.

આડે લાકડે આડો વ્હેર—Desperate cuts have desperate cures.

આદર્યાં અધુરાં રહે, હર કરે સો હોય—Man proposes, God disposes.

આપકી લાપસી, પરાઈકી કુશકી—Every one thinks his shilling worth thirteen pence.

આપ ભલા તો જગ ભલા—Good mind, good find.

આપ મૂએ પીછે ડુબ ગઈ દુનિયા—Death's day is doomsday.

આપ મુવા વિના સ્વર્ગે ન જવાય—Crosses are ladders that lead to heaven.

આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં—Commit not to another what you can better do yourself. Every tub must stand on its own bottom.

આપીને ફરી માગે, તેની અક્કલ જાય આગે—Give a thing, and take again, and you shall ride in hell's wain.

આભ ફાટે ત્યાં થીંગડું કેમ દેવાય ?—No fence against a flail. Against God's wrath, no castle is thunderproof.

આમણુની પુંછ દામણમાં—Come with the wind and go with the water. What is got in the county is lost in the hundred.

આવતી વહુ ને બેસતો રાજા, વખાણીએ તો વખણાય—Give a dog an ill name, and you may as well hang him.

આવે ઘોડાને વેગે, જાય કીડીને વેગે—Mischiefs come by the *pound and go by the ounce.*

આવે તે ભાવે જાય—Light come, light go. Ill gotten, ill *spent.*

આંખ ને કાન વચ્ચે ચાર આંગળનો ફેર છે—All that we hear is not true.

આંગળી આપતાં પહોંચાને વળગે—Give him an inch, and he will take an ell.

આંગળાથી નખ વેગળા એટલા વેગળા—Heterogeneous natures never agree.

આંધળાને આરસી ને બહેરાને શંખ—Do not throw pearls before swine.

આંધળાંમાં કાણીઓ રાજા—A figure among ciphers. A heron is a king among crows.

આંધળો કહે ભીંત ને બહેરો કહે મસીદ—I talk of chalk, and you of cheese.

આંણુ લેતાં જંણુ જાય—All grasp, all lose.

ઈદ પછી રોજા—After Christmas comes Lent.

ઉકરડો વધતાં વાર ન લાગે—Ill weeds grow apace.

ઉઝાળી ટાંકીઓ ન ભાંગો—Look before you leap.

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન—A figure among ciphers. Every cock is pround on his own dung-hill.

ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર—Haste makes waste. Most haste, worst speed.

ઉતાવળે આંબા ન પાકે—Rome was not built in a day.

ઉધાર આપ ને ખરૂં જોખ—Beggars and borrowers should be no choosers.

ઉલટો ચોર કોટવાલને દંડે—Roguery supplants justice.

ઉંઘ ન જુએ સાથરો, ભૂખ ન જુએ ભાખરો—Hunger is the best sauce, and fatigue is the best pillow.

ઉંટને શિંગડા જોઈને નથી આપ્યા—Cursed cows have short [horns.

ઉંદરનો જીવ જાય ને બિલાડીને હસવું થાય—One man's meat is another's poison.

એક કોહેલી માછલીએ આખો ટોપલો ગંધાય—One scabbed sheep [infects the whole flock.

એકડા વિનાનાં સો મીંડાં—With all abundance, one essential thing is wanting.

એક નન્નો સો દુઃખને હણે—One refusal prevents a hundred [reproaches.

એક નૂર આદમી, ઓર દશ નૂર કપડાં—Fine feathers make fine birds.

એકને પાપે વહાણ ડૂબે—All might perish for the sake of [one Jonah.

એક પંથ ઓર દો કાજ—To kill two birds with one stone.

એક મ્યાનમાં બે તરવાર ન સમાય—Friends may meet, but mountains never greet.

એક હાણ ને બીજું હસવું—One man's meat is another's poison.

એક હાથે તાળી ન પડે—It requires two to quarrel/It takes two to make a bargain.

આઈમાંનું દારે ને મૂઠીમાંનું છતે—A bird in the hand is worth two in the bush.

કણના મણ થાય—Many a mickle make a muckle.

કૈંયો સીંમીંભ્યો પૂંઠયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન—You will end him but you will not mend him.

કમનેર ગુસ્સાબ્હોત—A little pot is soon hot.

કરણી તેવી પારઉતરણી—As you sow, so shall you reap.

કહેવું સ્હેલું છે, કરવું કઠણ છે—Easier said than done.

કાકા મામા ગાવાના ને ગાંઠે હોય તે ખાવાના—With provisions in store, we have friends by score. [uneasy.

કાજી દુબળે કયું તો કે સારા ગાંઉની રીકર—A Paul Pry is ever

કામ કર્યું તેણે કામણ કર્યું—Business is the salt of life.

કાલની વાત કાલ સાથે—To-morrow will take care of itself.

કાળા અક્ષરને કૂટી મારે એવા છે—You may as well expect a cat to read.

કાળા એટલા ભૂતના સાળા નહીં—All that glitters is not gold. All are not thieves that dogs bark at.

કાળા કાળા મંકોડા ને રાતી રાતી કીડીઓ—It is all Greek and Latin to me. I can make nothing out of it.

કાળા ગયા ને ધોળા આવ્યા—He is gray before he is good.

કીડી ઉપર કટક—He made a mountain on a mole.

કીડીને કણ ને હાથીને મણ—In the ant's house, a little dew makes a great deluge.

કીડી સંચેરેને તીતર ખાય—One sows, another reaps.

કુમળા ડાળ જેમ વાળીએ તેમ વળે—A green wound is soon healed.

કૂતરાની પુછડી વાંકીને વાંકી—You may as well try to make a stone go right.

કૂવાને મ્હોડે ઢાંકણું છે, કંઈ જગતને મ્હોડે છે ?—Do as you like
you cannot curb men's tongue. [come on the plate.
કૂવામાં હશે તો હવાડામાં આવશે—What is in the pot, will
કેડમાં છોકરૂં ને ગામમાં ઢંઢેરો—The butcher looked for his
knife, when he had it in his mouth.
કોઈ દહાડો હસવું ને કોઈ દહાડો રડવું—Those who smile on
Saturdays, weep on Sundays. [steal an ox.
કોડી ચોર તે પાળી ચોર—He that will steal an egg, will also
કોડી હરામ, બચકા હલાલ—To stumble at a straw, and leap
over a block.
કોઠે કોઠે નવી બુધ્ધિ—Many men, many minds.
કંઈ નેવના પાણી મોભે ચઢે ?—Can a physical impossibility be
believed as a reality ? [oaks.
કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય—Constant dropping wears away stones, and little strokes fell great
કુંભાર કહી સાજે હાંલ્લે ન ખાય—Who is worse shod than
the shoemaker's wife ? [ed with a mighty prince ?
ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગા તેલી—Can a pauper be compar-
ખપ તેનો છોછ નહીં—Necessity has no law. All is fine that
is fit. [before swine.
ખાખરની ખીસોડી શાકરનો સ્વાદ શું જાણે ?—Throw not pearls
ખાડો ખોદે તે પડે—Evil to him who evil thinks. Harm
watch, harm catch. The biter bit. Caught in one's
own trap.
ખાણીમાં માથું ત્યાંધબકારાથી બીવું શું ?—In for a penny, in
for a pound.
ખાના પીના ખેરસલા, ઘિંગાણું બ્હોતેરાં—Great boast, small
ખાનાર પીનારને ખોદા આપનાર—Spend and God will send.[roast.

ખારા પાણીની માછલી મીઠા પાણીમાં ન જીવે—Sad souls are slain in merry company.

ખાલી ચણો વાગે ઘણો—Empty vessels make most sound.

ખાવું તેનું ખોદવું નહીં—Cast no dirt in the well that gives you water.

ખાળે ડુચા ને દરવાજા મોકળા—Penny wise and pound foolish.

ખોદવો ડુંગર ને કહાડવો ઉંદર—Much ado about nothing. Much cry and little wool. Much bruit, little fruit. Great pains, little gains A mountain in labour. [rows.

ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ—Foxes never dig their own bur-

ગઇ તિથી જોષિએ ન વાંચે—Done is done, it cannot be undone Let bygones be bygones. [an ungrateful man.

ગધ્ધાને ખાધા ખેત, નહીં પુણ્ય કે પાપ—Kindness is lost upon

ગરજ બિચારી બાપડી: ગરજે ગધેડાને બાપ કહેવો પડે—Necessity has no law. What cannot be cured must be endured.

ગરજ સરીને વૈદ વેરી—Hell is paved with good intentions. A fig to the docter, when cured.

ગરમી ગરમીને મારે—Like cures like. Diamonds cut diamonds.

ગાજ્યા મેઘ વરસે નહીં—Barking dogs seldom bite.

ગામ ત્યાં ઢેડવાડો હોયજ—Roses have their thorns Every medal has its reverse.

ગામમાં પેસવાનાં સાંસા ને પટેલને ઘેર કેના પાણી—Beggars and borrowers should be no choosers.

ગાયને દોહીને ગધ્ધાને પાવું—To rob Peter to pay Paul.

ગોળ નાંખે એટલું ગળ્યું થાય—Plenty makes dainty.

ગંજીનો કુતરો, ખાય નહીં ને ખાવા દે નહીં—The dog in the manger.

ઘડું ખેતમાં ને બેટા પેટમાં—To count the chickens before they are hatched.

ઘરડી ઘોડી લાલ લગામ—He has a colt's tooth yet in his old head.

ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાને આટો—Charity begins at home.

ઘરનો વાઘને બ્હાર બકરી—Argus at home, but a mole abroad.

ઘરમાં હાંલ્લે હાંલ્લા લડે ને બ્હાર તો લાલજી મનિયાર—He robs his belly to provide for his back.

ઘર વેચીને તીર્થ કરવું—To deal fool's dole.

ઘાંચીનો બળદ સો ગાઉ ચાલે પણ ઘેરનો ઘેર—Like a mill-horse that goes much, but performs no journey.

ઘી ક્યાં ઢોળાયું તો કે ખીચડીમાં—It is not lost what a friend gets.

ઘી ગયું પણ ઘીનું માપ ના ગયું—Slander always leaves a slur.

ઘેર ઘેર માટીના ચુલા—No family without feud. Every one has his hobby-horse.

ચમડી તૂટે પણ દમડી ન છૂટે—His money comes from him like drops of blood.

ચહડે તે પડે ને ભણે તે ભુલે—A man is liable to err.

ચાકરી કરે તે ભાખરી પામે—Fortune favours the strong. No pains, no gains. No sweat, no sweet.

ચાર દહાડાનું ચાંદરણું, ને ઘોર અંધારી રાત—A new broom sweeps clean.

ચાર મળે ચોટલા તો ભાંગે ઓટલા—Too many cooks spoil the broth.

ચિતા કરતાં ચિંતા કઠણ—Anxiety is worse than death.

ચૂલા પર ચ્હડીને ન બેસાય—If you have too many irons in the fire, some of them will burn.

ચૂલામાંથી નીકળી હોલામાં પડવું—Out of the frying-pan into the fire.

ચોરનારની ચાર ને જોનારની બે—The wolf eats of what is counted.

ચોરને પોટલે ધુળની ધુળ—Virtue is its own reward. Virtue will shine at last. Frost and fraud both end in foul.

ચોરનો ભાઈ ઘંટી ચોર—Set a thief to catch a thief.

ચોરીની ચોરી ને રહામે સિરજોરી—Roguery supplants justice.
ચોરીના ઢાંસલા સીકે ન ચઢે—Ill gotten goods seldom prosper.
ચોરીનો માલ ચંડાળે જાય ને પાપી હાથ ઘસતા જાય—Ill got, ill spent. Evil got, evil spent.

છગન મગન તો સોનાનાં, ને પારકાં છોકરાં ગારાનાં—Every one thinks his own geese swans.

છાણના દેવ ને વાલની આંખ—Like saint, like offering.

છાણનો કીડો ઘીમાં મરે—Sad souls are slain in merry company.

જટા ધરે જગદીશ મળે તો વડલા વૈકુંઠ પામે—It is not the cowl that makes the friar. [the roast.

જર ચાહે સો કર—Money makes the mare go. Riches rule

જર દેખીને મુનીવર ચળે—A bribe in the lap blinds one's eyes.

જાગે તેનો પાડો, ઉંઘે તેની પાડી—A sleeping cat catches no mice.

જાનમાં કોઈ જાણે નહીં, ને વરનો બાપ હું: પીવા પુમડું પાણી નહીં ને મ્હારૂં નામ દરિયાવખાં—He has neither house nor family, and the gentleman is called a housekeeper.

જે જેમ વાવે તે તેમ પાવે—Every one to his liking.

જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ—He that has no shame has no conscience. [the jaundiced eye.

જેની આંખમાં કમળો હોય તે કમળો દેખે—All looks yellow to

જેની પંગીએ બેસીએ તેનાં ગીત ગાઈએ—It is an ill guest, who never drinks to his host. [be given it must be fulfilled.

જે મ્હોડે પાન ચાવ્યાં તે મ્હોડે કોયલા કેમ ચવાય ?—If a promise

જેવાં ભાઈનાં મોસાળાં તેવાં બેનનાં ગીત—Like for like, and Nan for Nicholas. Tit for tat.

જ્યાં મળી રોટી ત્યાં પડ્યાં આળોટી—Wasps haunt the honey-pot. Wheresoever we live well, that is our country.

ઝાઝા મળે ને ખાવા ટળે—Every body's business is no body's business.

ટાઢા લોહીનો સૂકો રોટલો સારો—Better is a little with ease than a great deal with anxiety.

ઠીકરી ઘડાને ફોડે—A small leak will sink a large ship.

ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં—A bad workman quarrels with his tools.

ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે—Example is better than precept.

ડાહ્યો દિકરો દેશાવર ભોગવે, ડાહી વહુ ચુલામાં પેસે—All lay the load on the willing horse.

ડુંગરા દૂરથી રળિયામણા, પાસે જાય તો બિહામણા—It is distance that lends enchantment to the view.

ઢમઢોલ માંહે પોલ—A great cry, little wool. A large building, a low foundation.

તરતદાન ને મહાપુણ્ય—A bird in the hand is worth two in the bush. He giveth twice that giveth in a trice.

તાજે ઘાએ બધું થાય—A green wound is soon healed.

તેજીને ટકોરો, ગધેડાને ડફાં—A word to the wise is sufficient. A nod for a wise man, a rod for a fool.

તેના ટાંટીઆ તેનાજ ગળામાં—He is caught in his own trap.

